# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૫ એપ્રિલ ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧ | અંક : ૨૬૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**અમેરિકામાં ૫૫ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે : સેમ પિત્રોડા I કોંગ્રેસ ભારતમાં પણ આ પ્રકારનો વારસાઈનો ટેક્સ લાગુ કરવા માંગે છે તેમ કહીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો**

## સેમ પિત્રોડાએ વારસાઈ ટેક્સની વાત કરતા કોંગ્રેસ પાર્ટી ભીંસમાં

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ I

કોંગ્રેસના સેમ પિત્રોડાએ સંપત્તિના વિતરણ અંગે ટિપ્પણી કરી તેના કારણે મોટો વિવાદ થઈ ગયો છે અને નરેન્દ્ર મોદી અને અમિત શાહ સહિત ભાજપના નેતાઓએ આ મુદ્દો પકડી લીધો છે. સેમ પિત્રોડાએ અમેરિકામાં શિકાગોમાં કહ્યું હતું કે અમેરિકામાં વારસાઈ ટેક્સ એટલે કે ઈનહેરિટન્સ ટેક્સ હોય છે. જેમાં કોઈ અબજોપતિ વ્યક્તિનું મૃત્યુ થાય તો તેના વારસદારને માત્ર ૪૫ ટકા સંપત્તિ મળે છે જ્યારે ૫૫ ટકા સંપત્તિ સરકારના ખાતે જાય છે.

સેમ પિત્રોડાની આ ટિપ્પણી કોંગ્રેસને ભારે પડી રહી છે. કોંગ્રેસ ભારતમાં પણ આ પ્રકારનો વારસાઈનો ટેક્સ લાગુ કરવા માંગે છે તેમ કહીને ભાજપે મોટો મુદ્દો બનાવ્યો છે જેના કારણે કોંગ્રેસ હવે આ આગ ઠારવામાં લાગી ગઈ છે. જોકે, સેમ પિત્રોડાએ સ્પષ્ટતા કરી કે મેં એવું નથી કહ્યું કે ભારતમાં પણ ૫૫ ટકા સંપત્તિ સરકારે લઈ લેવી જોઈએ, હું તો માત્ર અમેરિકાનું ઉદાહરણ આપતો હતો.

સેમ પિત્રોડા એક સમયે રાજીવ ગાંધીના વિશ્વાસુ હતા અને ભારતમાં ટેલિકોમ ક્રાંતિ લાવવામાં તેમને મહત્ત્વની વ્યક્તિ ગણવામાં આવે છે. પરંતુ હાલમાં તેઓ એક ટિપ્પણીના કારણે ભાજપના નિશાના પર છે. પિત્રોડાએ કહ્યું હતું કે "અમેરિકામાં વારસાઈ ટેક્સ એ એક રસપ્રદ કાયદો છે. તેમાં એવું કહેવાય છે કે તમે તમારી પેઢીમાં સંપત્તિ બનાવી અને હવે તમે દુનિયામાંથી વિદાય લઈ રહ્યા છો, તો તમારે લોકો માટે સંપત્તિ



છોડી જવી જોઈએ. બધી સંપત્તિ નહીં પણ અડધી સંપત્તિ બીજા લોકો માટે રાખી જવી જોઈએ. મને લાગે છે કે આ બરાબર છે. " પિત્રોડાએ આગળ કહ્યું હતું કે "ભારતમાં આવો કોઈ વારસાઈનો કાયદો નથી. તેથી ભારતમાં ૧૦ અબજ રૂપિયાની સંપત્તિ ધરાવતી કોઈ વ્યક્તિ મૃત્યુ પામે તો બધા રૂપિયા તેના સંતાનોને મળે છે, લોકોને કંઈ નથી મળતું. તેથી આપણે આવા મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. અંતમાં તેનું શું તારણ આવશે તેની મને ખબર નથી પરંતુ આપણે હવે સંપત્તિની વહેંચણીની વાત કરીએ છીએ, આપણે લોકોના હિતની વાત કરીએ છીએ, માત્ર સુપર રિચ લોકોના હિતની વાત નહીં."

અમિત શાહે કહ્યું કે પિત્રોડાના નિવેદન પછી કોંગ્રેસ એક્સપોઝ થઈ ગઈ છે. સૌથી પહેલા ઘોષણાપત્રમાં સરવે, મનમોહન સિંહનું નિવેદન જેમાં તેમણે દેશની સંપત્તિ પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો છે એવું કહ્યું છે. હવે પિત્રોડાએ સંપત્તિની વહેંચણી પર વિચાર થવો જોઈએ એમ કહ્યું છે. અમેરિકાનો હવાલો આપીને તેમણે કહ્યું કે ૫૫ ટકા સંપત્તિ સરકારી ખજાનામાં જાય છે.

અમિત શાહે કહ્યું કે વડાપ્રધાને મુદ્દો ઉઠાવ્યો ત્યારે આખી કોંગ્રેસ બેકફૂટ પર આવી ગઈ છે. પરંતુ બધાને ખબર પડી ગઈ છે કે કોંગ્રેસ દેશની પ્રાઈવેટ સંપત્તિનો સરવે કરીને, સંપત્તિને સરકારી ખજાનામાં નાખીને યુપીએ શાસનમાં જે પ્રાયોરિટી નક્કી કરી હતી. દેશના સંશાધન પર પર સૌથી પહેલો અધિકાર માઈનોરિટીનો અને તેમાં પણ મુસ્લિમોનો છે તે પ્રમાણે વહેંચણી કરવા માંગે છે. અમિત શાહે ચેલેન્જ કરી કે કોંગ્રેસ આ વાતને પોતાના મેનિફેસ્ટોમાંથી હટાવે અથવા સ્વીકારે કે આ જ તેમનો હેતુ છે.

---

**હાર્દિક પંડ્યાને ન આપ્યું સ્થાન**

## T20 વર્લ્ડકપ માટે સેહવાગે પસંદ કરી ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ-૧૧

### વીરેન્દ્ર સેહવાગે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં ઓપનર તરીકે રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલની પસંદગી કરી છે



I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ I

T20 વર્લ્ડ કપ ૨૦૨૪ ૨ જૂનથી શરૂ થઈ રહ્યો છે. આ ટુર્નામેન્ટ વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની ધરતી પર આયોજિત થવાની છે. ભારતીય ટીમ ૫ જૂને આયર્લેન્ડ સામે ૨૦ વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે. આ પછી ટીમ ઈન્ડિયા ૯ જૂને પાકિસ્તાન સામે મેદાનમાં ઉતરશે. પરંતુ આ ટૂર્નામેન્ટમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવન કેવી હશે? આ ભારતીય ટીમમાં કયા ખેલાડીઓને સ્થાન મળશે? હકીકતમાં, બીસીસીઆઈના મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે પહેલેથી જ સંકેત આપ્યો છે કે જે ખેલાડીઓ આઈપીએલમાં સારો દેખાવ કરશે તેમને ધ્યાનમાં લેવામાં આવશે. જોકે, પૂર્વ ભારતીય ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગે ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનની પસંદગી કરી હતી. વીરેન્દ્ર સેહવાગે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં ઓપનર તરીકે રોહિત શર્મા અને યશસ્વી જયસ્વાલની પસંદગી કરી છે. આ પછી વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત જેવા બેટ્સમેનો પર દાવ લગાવવામાં આવ્યો છે. આ સિવાય તેણે પ્લેઈંગ ઈલેવનમાં રિંકુ સિંહ અથવા શિવમ દુબેમાંથી કોઈ એકને સામેલ કરવાની વાત કરી છે. આ ઉપરાંત ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા પણ વીરેન્દ્ર સેહવાગની T20 વર્લ્ડકપ પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે, પરંતુ પૂર્વ ઓપનર દ્વારા હાર્દિક પંડ્યાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ સિવાય વીરેન્દ્ર સેહવાગે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં કુલદીપ યાદવના રૂપ માં સ્પેશ્યાલિસ્ટ સ્પિનરને રાખ્યો છે. જ્યારે ઝડપી બોલર તરીકે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને સંદીપ શર્માને તેમની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા છે.

---

**સેમ પિત્રોડાના નિવેદન પર વડાપ્રધાન મોદીનો પલટવાર I છત્તીસગઢમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી**

## કોંગ્રેસની લૂંટ જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી : પીએમ મોદી

I (એજન્સી) સરગુજા, તા.૨૪ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે છત્તીસગઢના સરગુજામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા સામ પિત્રોડાના વારસાગત ટેક્સ પરના નિવેદન પર કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી. હવે તેના ખતરનાક ઈરાદાઓ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયા છે. તેથી હવે તેઓ વારસાગત કર વિશે વાત કરી રહ્યા છે. મોદીએ કહ્યું કે કોંગ્રેસના ઈરાદા સારા નથી અને બંધારણ અને સામાજિક ન્યાયને અનુરૂપ નથી. કોંગ્રેસ તમારી કમાણી, તમારા ઘર, દુકાન, ખેતરો પર પણ નજર રાખી રહી છે. કોંગ્રેસના રાજકુમાર કહે છે કે તેઓ દેશના દરેક ઘર, દરેક કબાટ અને દરેક પરિવારની સંપત્તિનો એક્સ-રે કરશે. અમારી માતાઓ અને બહેનો પાસે જે નાનું સ્ત્રીધન, ઝવેરાત છે તેની કોગ્રેસ તપાસ કરાવશે. પીએમે કહ્યું કે અહીં સરગુજામાં આપણી આદિવાસી માતાઓ અને બહેનો હંસુલી પહેરે છે, મંગળસૂત્ર પહેરે છે. કોંગ્રેસ તમારી પાસેથી આ બધું છીનવીને વહેંચશે. હવે તમે જાણો છો કે તે કોને આપશે.




**હવે તેના ખતરનાક ઈરાદાઓ ખુલ્લેઆમ બધાની સામે આવી ગયા છે : વડાપ્રધાન મોદી**

**મોદીએ સેમ પિત્રોડાને "શાહી પરિવારના શાહજાદાના સલાહકાર" તરીકે સંબોધીને કહ્યું કે "કોંગ્રેસ કહે છે કે આપણા દેશનો જે મિડલ ક્લાસ છે જેઓ મહેનત કરીને કમાય છે તેના પર વધુ ટેક્સ લાગવો જોઈએ. હવે આ લોકો તેનાથી પણ એક કદમ આગળ વધ્યા છે. હવે કોંગ્રેસનું કહેવું છે કે તેઓ ઈનહેરિટન્સ ટેક્સ લગાવશે. માતા-પિતા પાસેથી મળનાર વારસા પર પણ ટેક્સ લગાવશે. તમે જે તમારી મહેનતથી સંપત્તિ એકઠી કરો છો તે તમારા બાળકોને નહીં મળે. પરંતુ કોંગ્રેસ તેને તમારી પાસેથી છીનવી લેશે. કોંગ્રેસનો મંત્ર છે, કોંગ્રેસની લૂંટ, જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી. તમે જીવીત રહેશો ત્યાં સુધી કોંગ્રેસ તમને ઊંચા ટેક્સથી મારશે. તમે જીવીત નહીં રહો ત્યારે તમારા પર ઈનહેરિટન્સ ટેક્સનો બોજ લાદી દેશે." સેમ પિત્રોડા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના સલાહકાર છે પરંતુ તેમના કારણે અગાઉ પણ કોંગ્રેસ બચાવના મોડમાં આવી ગઈ હતી.**

તેઓ તમારી પાસેથી લૂંટશે અને કોને આપશે? શું મારે કહેવાની જરૂર છે? શું તમે મને આ પાપ કરવા દેશો? કોંગ્રેસનું કહેવું છે કે સત્તામાં આવ્યા બાદ તે એક પછી એક ક્રાંતિકારી પગલાં લેશે. અરે, આ સપના ના જોશો. દેશની જનતા તમને આવી તક નહીં આપે. મોદીએ કહ્યું કે કોંગ્રેસના ખતરનાક ઈરાદા એક પછી એક ખુલ્લેઆમ સામે આવી રહ્યા છે. શાહી પરિવારના રાજકુમારના સલાહકાર તેમણે થોડા સમય પહેલા કહ્યું હતું કે આપણા દેશમાં મધ્યમ વર્ગ છે, તેમના પર વધુ ટેક્સ લગાવવો જોઈએ. તેણે આ વાત જાહેરમાં કહી છે. હવે આ લોકો તેનાથી એક ડગલું આગળ વધી ગયા છે. તેઓએ કહ્યું છે કે તમારી મિલકત પર વારસાગત કર લાદવામાં આવશે. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ કહે છે કે તેઓ વારસાગત કર લાદશે. તેઓ નથી ઈચ્છતા કે તમારા બાળકોને તમે તમારી મહેનત દ્વારા ભેગી કરેલી સંપત્તિનો વારસો મળે. તેઓ નથી ઈચ્છતા કે ભારતીયો તેમની મિલકત તેમના બાળકોને આપે. આ પાર્ટી પર શહેરી નક્સલીઓનો કંન્ટ્રોલ છે. તેઓ તમારી બધી દુકાનો અને ઘરો છીનવી લેશે. કોંગ્રેસ તમારા માતા-પિતાનો વારસો છીનવી લેશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાસે એક જ મંત્ર છે. કોગ્રેસની લૂંટ જિંદગી દરમિયાન અને જિંદગી પછી પણ રહેશે. જ્યાં સુધી તમે જીવો ત્યાં સુધી કોંગ્રેસ તમને ઊંચા કર વડે મારશે અને જ્યારે તમે જીવશો નહીં ત્યારે તમારા પર વારસાગત કરનો બોજ પડશે. જેઓ આખી કોંગ્રેસ પાર્ટીને પોતાની પૈતૃક સંપત્તિ માનતા હતા અને પોતાના સંતાનોને આપી દેતા હતા, હવે તેઓ નથી ઈચ્છતા કે ભારતીયો તેમની મિલકત તેમના સંતાનોને આપે.

---

**કોર્ટ આરોપીના વકીલની હરકતથી નારાજ**

## મનીષ સિસોદિયાની ન્યાયીક કસ્ટડી ૭ મે સુધી લંબાવાઈ

### સુનાવણી દરમિયાન દલીલ પુરી થતાં જ આરોપીના વકીલ કોર્ટમાંથી બહાર જતા રહ્યા હતા : કોર્ટે નારાજગી વ્યક્ત કરી

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ I

દિલ્હી લિકર પોલિસી સંબંધીત CBI કેસમાં આરોપો ઘડવા માટે હાલ સુનાવણી શરૂ ન કરવાની માંગ કરતી અરજી પર રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે CBI પાસે જવાબ માંગ્યો છે. તો બીજીતરફ કોર્ટે સીબીઆઈ કેસમાં મનીષ સિસોદિયાની ન્યાયીક કસ્ટડી સાતમી મે સુધી લંબાવી દીધી છે. હવે આ કેસની સુનાવણી સાતમી મેએ હાથ ધરાશે.



સુનાવણી દરમિયાન દલીલ પુરી થતાં જ આરોપીના વકીલ કોર્ટમાંથી બહાર જતા રહ્યા હતા. ત્યારબાદ આ મામલે કોર્ટે નારાજગી વ્યક્ત કરતા વકીલે ન્યાયાધીશને કહ્યું કે, 'અમને કોર્ટ રૂમમાંથી વૉકઆઉટ કરાયા ન હતા. આ મામલે અમે માફી માંગીએ છીએ.' ન્યાયાધીશે નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, અમે પહેલીવાર આવું વર્તન જોયું છે. તમારી દલીલ પુરી થતાં જ તમે બધા કોર્ટની બહાર જતા રહ્યા. તમારું આ કેવું વર્તન છે કે તમે બધા કોર્ટની મંજૂરી લીધા વગર કોર્ટમાંથી બહાર જતા રહ્યા અને કોર્ટને કહ્યા વગર જતા રહ્યા.' અરજદારના વકીલે કોર્ટને કહ્યું કે, 'દિલ્હી લિકર પોલિસી સંબંધીત CBI કેસમાં હજુ સુધી તપાસ ચાલી રહી છે.'

---

**ફ્રાન્સનો કિસ્સો સંભળાવતા રાહુલે તાક્યું નિશાન**

## કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી વડાપ્રધાન મોદી ગભરાઇ ગયા : રાહુલ ગાંધી

I (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ I

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે જારી કરવામાં આવેલા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત આકરા પ્રહાર કરી રહ્યાં છે. તેઓ પોતાની દરેક ચૂંટણી સભામાં કોંગ્રેસના મેનિફેસ્ટો પર નિશાન સાધી રહ્યાં છે, જે બાદ હવે મોર્ચો સંભાળતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પલટવાર કર્યો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે પીએમ મોદી કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાથી ગભરાઈ ગયા છે. એટલુ જ નહીં રાહુલ ગાંધીએ ફ્રાન્સનો એક



કિસ્સો પણ સંભળાવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'ફ્રાન્સને ફેશનની રાજધાની માનવામાં આવે છે. ૧૦-૧૫ વર્ષ પહેલા એક દિવસ મે છાપામાં એક સમાચાર જોયા. ભારતની એક ફેશન ડિઝાઈનર ફ્રાન્સમાં પોતાનો ફેશન શો કરી રહી હતી. મે છાપામાં જોયું કે ફ્રાન્સના ફેશન ડિઝાઈનર ભારતીય ડિઝાઈનરોની મજાક ઉડાવી રહ્યાં હતાં'. કોંગ્રેસ નેતાએ કહ્યું, 'મે ફ્રાન્સ-ઈટાલીના એક ફેશન ડિઝાઈનરને ફોન કર્યો અને કહ્યું કે તમે ભારતીય ડિઝાઈનર્સની મજાક કેમ ઉડાવી રહ્યાં છો, તમે ડરી ગયા છો. તેથી તે બાબતની મજાક ઉડાવી રહ્યા છો, જે તમને પસંદ નથી. ભારતની મહિલાઓએ ખૂબ સારું પ્રદર્શન કર્યું છે'. રાહુલ ગાંધીએ પોતાની વાતને આગળ વધારતા કહ્યું, વિદેશી ડિઝાઈનરે મને કહ્યું કે હું તમને જણાવીશ, પરંતુ તમને એ પસંદ આવશે નહીં.







ગરમીના કારણે ગ્રીન નેટનું વેચાણ કરવા માટે ભરાયેલ માર્કેટમાં પણ ગરમીના કારણે ગ્રાહકો દેખાતા નથી.

## ન્યુઝ બોક્ષ

### ગાંધીનગરના દહેગામમાં એક જીવલેણ અકસ્માત સર્જાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

આજે ગાંધીનગરના દહેગામમાં એક જીવલેણ અકસ્માત સર્જાયો હતો. નેહરુ ચોકડથી કપડવંજ રોડ ઉપર પસાર થઈ રહેલ ટ્રેક્ટરના ચાલકે બ્રેક લગાવતા ટ્રેક્ટરની પાછળ આવી રહેલ ટુ-વ્હીલર અકસ્માતનો ભોગ બન્યું હતું. જેના કારણે ટુ-વ્હીલર ચાલક મહિલાના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા બાદ તેઓનું મોત નિપજ્યું હતું. આ મામલે મળતી માહિતી મુંબ દહેગામ શહેરમાં આવેલી આનંદ રેસીડેન્સી વિભાગ ૨ માં રહેતા સરીતાબેન સતેન્દ્રસિંઘ રાજપૂત ટુ-વ્હીલર લઈ નહેરુ ચોકડથી કપડવંજ રોડ પર થઈ આનંદ રેસીડેન્સી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન આગળ જઈ રહેલ ટ્રેક્ટરના ચાલકે ખાડો આવી જતા બ્રેક મારી હતી. ઓચિંતા ટ્રેક્ટર ઉભું રહી જતા ટુ-વ્હીલર ટ્રેક્ટરની પાછળ અથાડતા ચાલક સરીતાબેનને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. બાદમાં તેઓને સારવાર અર્થે શહેરની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા બાદ તેઓનું મોત નિપજ્યું હતું. આ અકસ્માત અંગે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. મૃતક સરીતાબેન રાજપૂતના પતિ સતેન્દ્રસિંઘ રાજપૂત વર્ષ ૨૦૧૫ થી લિહોડા નજીક આવેલ આદિત્ય પેપર મીલ ખાતે મેનેજર તરીકે ફરજ બજાવતા હોવાથી તેઓ દહેગામ ખાતે પત્નિ અને બે સંતાનો સાથે રહે છે. મૂળ આ પરિવાર ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. આકસ્મિક મહિલાના મોતથી બે સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી છે.

### શક્તિસિંહના પોલીસ તંત્ર પરના આક્ષેપ સામે ભાજપનો વળતો પ્રહાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા એકબીજા પર આક્ષેપબાજી શરૂ કરી છે. આ બાબતે કોંગ્રેસ દ્વારા તંત્ર દ્વારા મતદાતાઓને ડરાવવા તેમજ ધમકાવવાનાં પ્રયાસ થયા છે. આ સમગ્ર બાબતે વીડિયો કે ઓડિયો કોંગ્રેસ દ્વારા જાહેર કરેલ નંબર પર મોકલવાનું કોંગ્રેસનાં પ્રદેશ અધ્યક્ષ દ્વારા કહ્યું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. જેમાં રાત્રીનાં સમયે રાજકીય પક્ષો દ્વારા બેઠકોનો દોર પણ શરૂ કર્યો છે. તેમજ સભાઓમાં એકબીજા પર આક્ષેપ બાજી પણ શરૂ કરી છે. તો બીજી તરફ રાજકીય પક્ષોનાં મજબૂત ઉમેદવારો દ્વારા પોતાની તાકાત અજમાવવા અન્ય અપક્ષ તેમજ કોંગ્રેસનાં ટેકેદારોને ધમકાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ દ્વારા પોલીસ પર આક્ષેપ કરવામાં આવતા ભાજપનાં નેતા દ્વારા આ સમગ્ર મામલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરી પોલીસ તંત્ર પર આક્ષેપ લગાવ્યા હતા. તંત્ર દ્વારા મતદાતાઓને ડરાવવા તેમજ ધમકાવવાનાં પ્રયાસો થાય છે. તેમજ સત્તાધારી પક્ષ તરફી મતદાન કરાવવા તંત્ર દબાણ કરે છે. ત્યારે આ સમગ્ર બાબતે શક્તિસિંહ ગોહિલે દબાણ કરવામાં આવે છે તેવી રજૂઆતો મારી પાસે આવી છે. ત્યારે મદતાન બાબતે ધમકાવવામાં આવે તો વિડોય કે ઓડિયો રેકોર્ડિંગ કરો. તેમજ સીસીટીવી કેમેરા હોય તો તેની ફૂટેજ મેળવીને અમને મોકલો. અમારા વોરરૂમનાં વોટ્સએપ નંબર ૮૨૦૦૦૫૯૯૮૯ પર ક્લીપ મોકલવા કહ્યું હતું.

### ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ લેશે ભાગ

# અમદાવાદના ઇકા એરેના ખાતે ગુજરાત સુપર લીગનો પ્રારંભ

### ગુજરાતમાં ફૂટબોલની રમતને વધુ મજબૂત કરવા માટે GSFA દ્વારા આ પહેલ કરવામાં આવી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં ફૂટબોલની રમતમાં ક્રાંતી લાવવા અમદાવાદમાં ગુજરાત સુપરલીગનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી પહેલી મેથી અમદાવાદના ઈકા એરેના ખાતે ગુજરાત સુપર લીગનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ રાજ્યની પહેલી ફ્રેન્ચાઈસી આધારિત ફૂટબોલ ટુર્નામેન્ટ છે.રાજ્યસભાના સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રમુખ પરિમલ નથવાણી માર્ગદર્શનમાં ગુજરાત સુપર લીગ ગુજરાતની પ્રથમ ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગ તરીકે ઈતિહાસ સર્જશે.ત્યારે GSLની ટ્રોફીનું પરિમલ નથવાણીના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું.જેમાં GSLમાં ભાગ લેનાર ટીમના માલિક, કોચ સહિતના સમર્થકો હાજર રહ્યા હતા.ગુજરાતમાં ફૂટબોલની રમતને વધુ મજબૂત કરવા માટે GSFA દ્વારા આ પહેલ કરવામાં આવી છે.

ગુજરાતના ઉદ્યોગપતિઓ દ્વારા અલગ અલગ ૬ ટીમો બનાવવામાં આવી છે, જેમાં અમદાવાદ એવેન્જર્સ,



ગાંધીનગર જાયન્ટસ, કર્ણાવતી નાઈટ્સ, સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ, સુરત સ્ટ્રાઈકર્સ અને વડોદરા વોરિયર ટીમ મેદાનમાં ઉતરશે. આ ટૂર્નામેન્ટના મુખ્ય સહયોગી સ્પોન્સર ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા છે.આ લીગમાં ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.આ GSL ટુર્નામેન્ટ ૧મેથી ૧૨મે સુધી યોજાશે અને ૧૨મેના રોજ ફાઈનલ રમાશે.

### રાજસ્થાન સ્કૂલ મામલે DEOનો મહત્વનો આદેશ

# ધોરણ -૯ હિન્દી મીડિયમના વર્ગો બંધ નહીં કરવા આદેશ કરાયો

### કોઈ પણ ગ્રાન્ટેડ શાળા અચાનક વર્ગ બંધ કરવા નિર્ણય ના લઈ શકે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ ખાતે આવેલી રાજસ્થાન સ્કૂલ છેલ્લા કેટલાક દિવસોથી વિવાદમાં આવી છે. રાજસ્થાન સ્કૂલ મામલે ડ્ઈઓનો મહત્ત્વનો આદેશ આપ્યો છે. ધોરણ -૯ હિન્દી મીડિયમના વર્ગો બંધ નહીં કરવા આદેશ કરાયો છે. નિયમ મુજબ સંસ્થાએ શાળા બંધ કરવાની અરજી આપવાની હોય છે.

ડ્ઈઓના જણાવ્યા અનુસાર શાળાને નિયમ અનુસાર જ્ઞાન સહાયક શિક્ષક મળે પરંતુ શાળાએ નહીં લીધા હોવાની માહિતી આપી છે. ધોરણ ૯ હિન્દી મીડિયમના બાળકોને એડમિશન આપવા શાળાને સૂચના આપી છે. આ સાથે જ ડ્ઈએ જણાવ્યુ કે કોઈ પણ ગ્રાન્ટેડ શાળા અચાનક વર્ગ બંધ કરવા નિર્ણય ના લઈ શકે. ગ્રાન્ટેડ શાળાએ વર્ગ બંધ કરવાની અરજી ૬ મહિના પૂર્વે કરવાની રહે છે.

અમદાવાદની રાજસ્થાન શાળામાં અચાનક વાલીઓને બોલાવી વિદ્યાર્થીઓના ન્ઝ આપ્યાની ઘટના બની હતી. જેમાં ન્ઝ આપવાનું કારણ શાળામાં શિક્ષક ન હોવાનું આપવામાં આવ્યુ હતુ.

જેના કારણે વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો.

### હૃદય, લીવર અને હાથના દાનથી મળ્યું ત્રણ લોકોને નવજીવન

। (એજન્સી) સુરત, તા.૨૪ ।


સુરતમાં વધુ એક અંગદાન કરવામાં આવ્યું છે. જેમાં બ્રેઈનડેડ થઈ જવાથી નવનીતભાઈ વસાણીના હૃદય , લીવર અને હાથનું દાન કરી ત્રણ લોકોને નવી જિંદગી આપવામાં નવનીતભાઈ મૂળ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના જંગર ગામના વતની હતા. ૪૧ વર્ષીય નવનીત ભાઈ હાલ સુરતમાં પરિવાર સાથે રહતા હતા.અને તેઓ રત્નકલાકારના કામકાજ સાથે જોડાયેલા હતા. જોકે નવનીત ભાઈ નો ૧૯ એપ્રિલ અકસ્માત થતા તેમને સારવાર માટે વ્યારા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### અમદાવાદના ૩૫ હજાર લોકોએ મુસાફરી કરી

# ભારતમાં એક જ દિવસમાં ચાર લાખથી વધુ લોકોએ હવાઇ મુસાફરી કરી

### દેશમાં ૬૧૨૮ ફ્લાઇટનું સંચાલન કરાયું, જેમાં અમદાવાદથી ૨૭૦ ફ્લાઇટ ઓપરેટ થઇ





। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઓફિશિયલ પ્લેટફોર્મ પર જાહેરાત કરવામાં આવી છે કે, ૨૧મી એપ્રિલના રોજ ભારતના ઈતિહાસમાં સૌથી વધુ ડોમેસ્ટિક મુસાફરોએ હવાઈ મુસાફરી કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. ૨૧મી એપ્રિલે કુલ ૪.૭૧,૭૨૧ પ્રવાસીઓએ હવાઈ મુસાફરી કરી હતી. જ્યારે આ દિવસે દેશમાં જુદા જુદા એરપોર્ટ પરથી કુલ ૬૧૨૮ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવી હતી. જે દિવસે દેશના ડોમેસ્ટિક મુસાફરોએ રેકોર્ડ બ્રેક કર્યો તે દિવસે અમદાવાદ એરપોર્ટ પરથી ૩૫ હજાર મુસાફરોએ આવાગમન કર્યું હતુ અને અમદાવાદ એરપોર્ટ પરથી ૨૧મી એપ્રિલના રોજ ૨૭૦ ફ્લાઈટ ઓપરેટ કરવામાં આવી હતી. પહેલા હવાઈ યાત્રા કરે તે ધનિક જ હોય તેમ કહેવાતું હતું, પરંતુ હવે ધીમે ધીમે હવાઈ યાત્રા લોકોની જરૂરિયાત બની રહી છે અને સમય બચાવવા માટે લોકો હવાઈ મુસાફરીને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેને પગલે દેશના તમામ એરપોર્ટ પર ડોમેસ્ટિક મુસાફરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

બીજી તરફ સરકારની ઉડાન યોજના અંતર્ગત નાના શહેરોના એરપોર્ટને પણ કનેક્ટ કરવામાં આવી રહ્યા છે. આ યોજનાને લઈને નાના શહેરના મુસાફરો માટે પણ હવાઈ યાત્રા હાથવગી બની છે. કોવિડમાં લાબો સમય સુધી હવાઈ યાત્રા બંધ રહી હતી. ત્યાર બાદ ફરીથી ફ્લાઈટ શરૂ થઈ અને તેમાં મુસાફરોની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩માં ૨૧મી એપ્રિલના રોજ દેશમાં ૪,૨૮, ૩૮૯ મુસાફરોએ હવાઈ મુસાફરી કરી હતી અને તે દિવસે ૫૮૯૯ ફ્લાઈટ ઓપરેટ થઈ હતી. જેની સરખામણીમાં એક વર્ષમાં ડોમેસ્ટિક મુસાફરોની સંખ્યામાં નોંધનીય વધારો થયો છે.

અમદાવાદ એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા મુજબ, દેશના સૌથી વ્યાસ્ત એરપોર્ટ પૈકીના અમદાવાદ એરપોર્ટ પર રોજે રોજ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ મુસાફરો અને ફ્લાઈટમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ૨૧મી એપ્રિલે અમદાવાદ એરપોર્ટ પરથી કુલ ૩૫ હજાર ડોમેસ્ટિક મુસાફરોએ મુસાફરી કરી હતી. જ્યારે આ દિવસે કુલ ૨૭૦ ફ્લાઈટનું સંચાલન કરવામાં આવ્યું હતું. એરપોર્ટ ઓથોરીટીના જણાવ્યા મુજબ, મુસફરોની સુવિધા માટે પણ ખાસ તરકેદારી રાખવામાં આવી રહી છે. એરપોર્ટ મુસાફરોને બેસવા માટે વેઈટીંગ લોન્જમાં પણ સુધારા-વધારા કરવામાં આવ્યા છે. ટર્મિનલ બિલ્ડિંગનું પણ વિસ્તરણ કરી મુસાફરોની સુખાકારી વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત મુસાફરોની તમામ પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. દેશના તમામ એરપોર્ટ પર મુસાફરોની જે સંખ્યા વધી રહી છે, તેમાં અમદાવાદ એરપોર્ટ પર ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે ૨૮ ટકા મુસાફરો વધ્યા છે. જેની સામે સુવિધાઓ પણ વધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.



જૂના વાડજ દધિચી બ્રિજ નીચે વેકેશનના લીધે વોલીબોલ રમી રહેલ છોકરાઓ.

### વડોદરાના ગોત્રીની ઘટના

# સંચાલક અને ભાજપના કાર્યકરો વચ્ચે ખુરશી આપવા બાબતે બોલાચાલીથી વિવાદ થયો

। (એજન્સી) વડોદરા, તા.૨૪ ।

એક તરફ સામી ચૂંટણીએ ભાજપના કેટલાક કાર્યકર્તાઓની દાદાગીરીનો ભોગ સામાન્ય નાગરિકો અને વેપારીઓ બની રહ્યા છે. જેને કારણે તેઓમાં આક્રોશ સાથે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે વોર્ડ નંબર ૧૦માં બનેલી એક ઘટના બાદ અહીં દુકાન ધરાવતા વેપારીને પાલિકાએ રૂપિયા ૨૦૦૦નો દંડ ફટકાર્યો હોવાનું કહેવાય રહ્યું છે. તાજેતરમાં લોકસભાની ચૂંટણીનો જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. ત્યારે વોર્ડ નંબર ૧૦ના ભાજપના કોષાધ્યક્ષ બ્રિજેશ કાપડિયા અને યુવા મોરચાના કાર્યકર વિક્રમ ગોત્રી વાસણા રોડ ખાતે આવેલ પારસ પાન ખાતે ગયા હતા. અહીં પાનના સંચાલકને ખુરશી આપવા જણાવ્યું હતું. જે બાદ પાનના સંચાલક વિનય ભાલવાનીએ તેઓને ખુરશી આપી હતી. તે પછી કોઈક બાબતે પાનના સંચાલકની બ્રિજેશ કાપડિયા તથા વિક્રમની દુકાન સંચાલક સાથે કોઈક બાબતે રકઝક થઈ હતી. ચાલતી ચર્ચા મુજબ આ પૈકીના એક કાર્યકરે તેને દુકાન બંધ કરાવી દેવાની મૌખિક ધમકી પણ ઉચ્ચારી હતી. જેથી મામલો વધુ બિચક્યો હતો. આ તરફ અહીં હાજર એક કાઉન્સિલર મુક પ્રેક્ષક તરીકે બેસી રહ્યા હતા. સમગ્ર ઘટના બાદ પાલિકાએ પારસ પાનના સંચાલકને દુકાનની બહાર કચરો નાખી ગંદકી કરેલ હોવાનું જણાવી રૂપિયા ૨૦૦૦નો દંડ ફટકાર્યો હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ઘટના બની ત્યારે અહીં એક કાઉન્સિલર પણ હાજર હતા. હાલ ચૂંટણીનું માહોલ છે ત્યારે ભાજપના કાર્યકર્તાઓના વલણથી સામાન્ય લોકો અને વેપારીઓમાં આવી ઘટનાઓના કારણે રોષ વધી રહ્યો હોવાની ખૂબ ચર્ચા છે. સમગ્ર ઘટનાનો વિડીયો પણ વાયરલ થયો છે. દરેક પક્ષના કાર્યકર્તાઓ મર્યાદામાં રહે તે સામાન્ય નાગરિકો અને પક્ષના હિતમાં છે.

### ૨૫૦ કિ.મી. દૂર સુધી હુમલો કરવા સક્ષમ

# ભારતે આંદામાનમાં કર્યું ક્રિસ્ટલ મેઝ-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય વાયુસેનાએ આંદામાન અને નિકોબાર ટાપુના આકાશમાં નવી બેલેસ્ટિક મિસાઈલ 'ક્રિસ્ટલ મેઝ-૨ (Crystal Maze 2) નું સફળ પરીક્ષણ કર્યું છે, જેમાં મિસાઈલે ચોક્કસ નિશાના પર ટાર્ગેટ કરી હિટ કર્યું હતું. આ મિસાઈલ આકાશમાંથી જમીન પર ઝડપી ગતિએ ટાર્ગેટ કરવાની ક્ષમતા ઉપરાંત ૨૫૦ કિલોમીટર દૂર સુધી હુમલો કરવાની તાકાત ધરાવે છે. ઈઝરાયેલની આ મિસાઈલને રોક્સ પણ કહેવામાં આવે છે. ભારતીય વાયુસેનાએ મિસાઈલના પરીક્ષણ માટે સૌથી ઘાતક ફાઈટર જેટ સુખોઈ સૂ-30MKI (Sukhoi SU-30MKI)નો ઉપયોગ કર્યો હતો. સેનાએ પરીક્ષણ માટે આંદામાન અને નિકોબારની પસંદગી એટલા માટે કરી કે, ત્યાં ત્રણે સેનાનો બેઝ આવેલો છે. ઈઝરાયેલની આ મિસાઈલ ભારતમાં જ બની રહી છે, જેને મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ બનાવાઈ રહી છે. ક્રિસ્ટર મેઝ-૨ મિસાઈલ તેના જૂના વર્ઝન એટલે કે ક્રિસ્ટર મેઝ-૧થી તદ્દન અલગ અને અત્યાધુનિક છે. તેની રેન્જ ૨૫૦ કિલોમીટર છે. આ સ્ટેન્ડ ઑફ રેન્જ એર-ટૂ-સરફેસ બેલેસ્ટિક મિસાઈલ છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ મિસાઈલ સતત મૂવ કરી રહેલી વસ્તુઓને પણ ટાર્ગેટ કરી શકે છે. આ ઉપરાંત મિસાઈલ દૂરની વસ્તુને ટાર્ગેટ કરવા ઉપરાંત દુશ્મનના એર ડિફેન્સ સિસ્ટમનો ખાતમો પણ કરી શકે છે. ક્રિસ્ટલ મેઝ-૨ની રેન્જ ૨૫૦ કિલોમીટર, આકાશમાંથી જમીન પર ટાર્ગેટ કરવાની ક્ષમતા, લાંબા રેન્જની બેલેસ્ટિક મિસાઈલ, ૧૩૬૦ કિલોગ્રામ મિસાઈલનું વજન લગભગ, ૧૫ ફૂટ મિસાઈલની લંબાઈ,૨૧ ઈંચ મિસાઈલનો વ્યાસ, ૯.૯ ફૂટ વિંગ સ્પેનની લંબાઈ.




પંચાયતી રાજ મંત્રાલયના સચિવ વિવેક ભારદ્વાજ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરી દીપ પ્રગટાવ્યો.

### બગીચામાં દરોડો પાડવા આવેલા ભાજપના ધારાસભ્યને દંપતીએ કહ્યું

# ધારાસભ્યજી, તમે પણ OYO બંધ કરી દીધું છે, આપણે ક્યાં જઈએ

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૪ ।

છત્તીસગઢના દુર્ગ જિલ્લાની વૈશાલી નગર સીટના બીજેપી ધારાસભ્ય રિકેશ સેન પોતાની અનોખી કાર્યશૈલીને કારણે હંમેશા ચર્ચામાં રહે છે. તે તેના વિસ્તારમાં મળેલી ફરિયાદો પર તાત્કાલિક ધ્યાન આપે છે. દરમિયાન તેને પોશ કોલોની નહેરુ નગર સ્થિત બગીચામાં પ્રેમીપંખીડાઓ દ્વારા અશ્લીલ હરકતો કરવામાં આવતી હોવાની ફરિયાદ મળી હતી. જે બાદ તે બપોરે દરોડો પાડવા પહોંચી ગયો હતો. આ દરમિયાન તેની પ્રેમીઓ સાથે ઝઘડો પણ થયો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.બગીચામાં પહોંચ્યા બાદ રિકેશ સેને ત્યાં બેઠેલા પ્રેમીઓને સમજાવ્યું કે તેઓ અભ્યાસ કરે અને પોતાની કારકિદી પર ધ્યાન આપે. ધારાસભ્ય આ રીતે સામે ઉભા હતા ત્યારે ત્યાં હાજર એક યુવકની વ્યથા વ્યક્ત કરવામાં આવી હતી. તેમણે ધારાસભ્યને કહ્યું કે અમે જઈએ તો ક્યાં જઈએ, તમે તો ઓયો પણ બંધ કરાવી દીધું. દરેક મેલ મીટિંગને બદલે તમારા વિશે ભય છે. હવે અમે વૈશાલી શહેર છોડીને ભિલાઈના મૈત્રી ગાર્ડનમાં જઈશું. ત્યાં હાજર એક ૨૨ વર્ષની યુવતીએ પણ ધારાસભ્ય સાથે દલીલ કરી અને કહ્યું કે પ્રેમ અને ગુપ્ત રીતે મુલાકાત વર્ષોથી થાય છે. માતા-પિતા ઘરે છે અને તમે બહાર છો. જેના પર ધારાસભ્ય રિકેશે ગાર્ડનમાં લવ કોર્ટશિપ કરવાની ના પાડી દીધી હતી. બગીચાની આસપાસ રહેતા લોકોએ ધારાસભ્ય રિકેશ સેનને ફરિયાદ કરી હતી કે અહીં અશ્લીલ હરકતો થાય છે. જેના કારણે બગીચામાં ફરવા જતી મહિલાઓ પણ અસ્વસ્થતા અનુભવે છે. પ્રેમીઓના સતત મેળાપને કારણે આસપાસનું વાતાવરણ બગડી રહ્યું છે.ધારાસભ્ય રિકેશ સેનને પણ ફરિયાદ મળી હતી કે નહેરુ નગરનો બગીચો પ્રેમીઓનો અડ્ડો બની ગયો છે. અહીં પ્રેમીપંખીડાઓ અશ્લીલ હરકતો કરતા જોવા મળે છે. આ વાતથી ધારાસભ્ય નારાજ થયા અને બપોરે તેઓ પોતે દરોડો પાડવા નહેરુ નગર ગાર્ડન પહોંચ્યા. બપોરે અડધો ડઝન પ્રેમીઓ ત્યાં હાજર હતા. ધારાસભ્યના કાફલાને જોઈને દંપતી થોડું ડરી ગયું પણ ભાગ્યું નહીં. ધારાસભ્ય રિકેશ કારમાંથી નીચે ઉતર્યા અને દરેકની નજીક પહોંચ્યા અને આ દરમિયાન તેમના સમર્થકોએ તેમના મોબાઈલ ફોન ચાલુ રાખ્યા.

### ઘણા બોલિવુડ સ્ટાર મતદાન નહિ કરે

# અભિનેત્રીઓ ભારતમાં રહેવા છતાં ચુંટણીઓમાં મતદાન નહિ કરી શકે



। (એજન્સી) મુંબઈ,તા.૨૪ ।

ભારતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ નો પ્રારંભ થઈ ગયો છે. આ વખતે લોકસભા ચૂંટણી માટે મતદાન ૧ જૂન સુધી થશે. અલગ અલગ કુલ ૭ તબક્કામાં થવાનું છે જેમાં મહારાષ્ટ્રમાં મતદાન ૫ તબક્કામાં યોજવાનું છે. ચુંટણીમાં મતદાન કરવાનો દરેક નાગરિક અધિકાર છે. પરંતુ તેની પાસે ભારત દેશનું નાગરિકત્વ હોવું જરૂરી છે. ત્યારે ફિલ્મ જગતની વાત કરીએ તો ઘણાં બધા એવા સ્ટાર છે જે મતદાન નહિ કરી શકે. જેમાં દેશ-વિદેશના અસંખ્ય લોકોનું મનોરંજન કરીને નામના મેળવનાર બોલિવુડ જગતની સુપ્રસિદ્ધ અભિનેત્રીઓ ભારતમાં રહેવા છતાં તેમની પાસે ભારતની મહત્વની ચુંટણીઓમાં મતદાન કરવાનો અધિકાર નથી. દેશ-વિદેશમાં નામ તો થઈ ગયું પરંતુ કમનસીબની વાતએ છે કે તેમની પાસે ભારતની નાગરિકતા ન હોવાને કારણે તેઓ મત આપી શકશે નહિ. બોલીવુડમાં આવી અનેક અભિનેત્રીઓ છે જેને ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી.આ યાદીમાં સૌ પ્રથમ કપુર પરિવારની વહુ પાસે પણ મત આપવાનો અધિકાર નથી. જ્યારે બીજું નામ નોરા ફતેહીનું છે જેમનો જન્મ અને ઉછેર કેનેડામાં થયો હતો. તેના માતા-પિતા બંન્ને મોરક્કોના છે. તેની પાસે કેનેડાની નાગરિકતા છે. પરંતુ ભારતની નાગરિકતા ન હોવાથી તેઓને ભારતની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર નથી. આલિયા ભટ્ટ પણ બોલિવુડની જાણીતી અભિનેત્રીઓની એક છે. તેની પાસે મત આપવાનો અધિકાર નથી. આલિયાની પાસે ભારતની નાગરિકતા નથી. કારણ કે, તેનો જન્મ ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં થયો છે. તેની માતાનો જન્મ પણ આજ શહેરમાં થયો છે.

### રેલવેએ કરી ઈકોનોમી મીલની સુવિધા શરુ

# રેલવેમાં જનરલ કોચના પ્રવાસીઓને મળશે રૂપિયા ૨૦માં ભરપેટ ભોજન

### પ્રવાસીઓને ૨૦માં મળશે આલુ ભાજી અને સાત પૂરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ટ્રેનમાં લાંબી મુસાફરી શરૂ કરતા પહેલા મુસાફરોને અનેક પ્રકારની ચિંતાઓ હોય છે, તેમાં સૌથી મોટી ચિંતા ભોજનની છે. જો તમને ચિંતા હોય કે તમને ઘરેથી બનાવેલું ભોજન મળશે કે નહિ તો હવે ભારતીય રેલવેએ આ સમસ્યાનો ઉકેલ લાવી દીધો છે. હવે IRCTC જનરલ કોચના પ્રવાસીઓને માત્ર ૨૦ રૂપિયામાં ભોજન અને ૩ રૂપિયામાં પાણીની સુવિધા આપશે. મોટાભાગે રેલવેમાં સ્લિપર અને એસી કોચના પ્રવાસીઓ માટે ટ્રેનોમાં ભોજનની વ્યવસ્થા હોય છે. પરંતુ જનરલ કોચના પ્રવાસીઓને આ સુવિધાનો લાભ તો દૂર પણ તેઓ ભોજન કરવા સ્ટેશન પર ઉતરી પણ નથી શકતા. આથી આ સમસ્યાને દૂર કરવા રેલવેએ લાંબા અંતરની ટ્રેનો જ્યાં ઊભી રહે છે, તે મુખ્ય સ્ટેશનો પર રૂ. ૨૦થી ૫૦ સુધીમાં ભરપેટ ભોજન આપવાનું શરૂ કર્યું છે, જેને 'ઈકોનોમી મીલ' નામ આપ્યું છે.

ભારતીય રેલવેએ ઈન્ડિયન કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન સાથે મળીને આ સુવિધા શરુ કરી છે. જેમાં પુરી-સબ્જી, મસાલા ઢોસા, છોલે-ભટુરા, ખીચડી સહિત અનેક પ્રકારના વિકલ્પો મળશે. જેની કિંમત રૂ. ૨૦ અને રૂ. ૫૦ રાખવામાં આવી છે.

દેશના ૧૦૦ રેલવે સ્ટેશનો પર લગભગ ૧૫૦ ઈકોનોમી મીલ કાઉન્ટર શરુ કરવામાં આવ્યા છે. ગયા વર્ષે આ સેવા લગભગ ૫૧ સ્ટેશનમાં શરુ કરવામાં આવી હતી. જેનો હાલ વિસ્તાર કરવામાં આવ્યો છે. જેમાં નજીકમાં ભવિષ્યમાં વધારો કરવામાં આવશે.

ઈસ્ટ સેન્ટ્રલ રેલ્વેના ૨૦ મોટા સ્ટેશનો પર ઈકોનોમી મીલની સુવિધા આપવામાં આવી છે. આ સિવાય અન્ય મોટા સ્ટેશનો પર પણ જરૂરિયાત મુજબ આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સીને મળી મોટી સફળતા

# ૭૦૦ કરોડના અટારી ડ્રગ્સ કેસમાં વધુ એક દાણચોરની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૨૨ અટારી બોર્ડર ડ્રગ બસ્ટ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્ય આરોપી તહસીમ ઉર્ફે મોતા, ઉત્તર પ્રદેશના શામલીનો રહેવાસી છે, જે આ કેસમાં પકડાયેલો સાતમો આરોપી છે.માહિતી અનુસાર, એપ્રિલ ૨૦૨૨ માં, કસ્ટમ્સ વિભાગે ૭૦૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૦૩ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું જે અટારી-અમૃતસર થઈને ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પરથી અફઘાનિસ્તાનથી ભારતમાં દાણચોરી કરવામાં આવી રહ્યું હતું. આ દવાઓ લિકરિસ મૂળના કન્સાઈનમેન્ટમાં છુપાવવામાં આવી હતી.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અટારી બોર્ડર પર ડ્રગ્સની દાણચોરી અને જપ્તી કેસમાં, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અન્ય મુખ્ય આરોપીની ધરપકડ કરી છે, જે વિદેશમાં સ્થિત ફરાર માસ્ટરમાઈન્ડ્સને ડ્રગ્સ વેચીને મેળવેલા નાણાં મોકલવામાં સામેલ હતો. રીઢો ગુનેગાર તહસીમે પંજાબમાંથી ઘણી વખત તેના ખાતામાં રોકડ જમા કરાવી છે.

### વિદેશમાં મિત્રો પણ બચાવી ન શક્યા

# બરફનાં ઝરણા જોવા માટે ગયેલા ભારતીય સ્ટુડન્ટનું થીજી જતા મોત

### કિર્ગિસ્તાન ભણવા ગયેલા એક ભારતીય વિદ્યાર્થીનું મોત રવિવારે બરફનાં ઝરણા જોવા મિત્રો સાથે ગયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।



ભારતથી વિદેશમાં અભ્યાસ કરવા ગયેલા તેજસ્વી વિદ્યાર્થીનું બરફનાં ઝરણામાં ફસાઈ જતા મોત નીપજ્યું છે. એક તેલુગુ મેડિકલ સ્ટુડન્ટ કિર્ગિસ્તાનમાં બરફનાં ઝરણા જોવા માટે ગયો હતો. આ યુવકની ઉંમર ૨૦ વર્ષની જ હતી અને તે પરિવારથી દૂર મેડિકલ ક્ષેત્રો પોતાની કારકિર્દી બનાવવા માટે વિદેશ ગયો હતો. તેવામાં દરરોજના અભ્યાસના રૂટિનથી થોડો બ્રેક લઈ તે પોતાના ક્લાસમેટ્સ જોડે બરફનાં ઝરણા જોવા માટે ગયો હતો. જોકે અહીં તેની સાથે એવી દુર્ઘટના ઘટી કે તેણે પોતાનો જીવ ગુમાવી દીધો હતો. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ૨૦ વર્ષીય ભારતીય યુવકનું નામ દસારી ચંદુ છે. તેના પિતાને ૨ દીકરાઓ છે અને તેમને આંધ્ર પ્રદેશના અનકાપલ્લીમાં એક દુકાન પણ છે. તેવામાં આ યુવક ભણવામાં સારો હતો અને તેને વિદેશ જઈને મેડિકલ ક્ષેત્રે અભ્યાસ કરવો હતો જેથી તે કિર્ગિસ્તાન પહોંચી ગયો હતો. અહીં તેને સ્ટડીમાં રૂટિન પણ સારુ ચાલતું હતું એટલું જ નહીં મેડિકલ સ્ટુડન્ટ્સ સાથે તેની મિત્રતા પણ સારી હતી. તેવામાં તેણે પોતાના મિત્રો સાથે રવિવારે એક વોટરફોલ પર ફરવા જવાનું મન બનાવી લીધું હતું.

# ટેસ્લાએ ૬,૦૦૦ લોકોને છૂટા કરવાની જાહેરાત કરી

। વોશિંગ્ટન/નવીદિલ્હી, તા.૨૪ ।

અબજોપતિ એલોન મસ્ક (Elon Musk)ની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા છે (Tesla Q1 Results) અને જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં કંપનીના ચોખ્ખા નફામાં ૫૫ ટકાનો ઘટાડો થયો છે. એક તરફ ત્રિમાસિક પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા હતા, તો બીજી તરફ કંપનીએ મોટી છટણીની જાહેરાત કરી. રિપોર્ટ અનુસાર, ખર્ચમાં ઘટાડાને ટાંકીને, ટેસ્લાએ ૬,૦૦૦ લોકોને છૂટા કરવાની તૈયારી કરી છે. સૌથી પહેલા ટેસ્લાના ત્રિમાસિક પરિણામોની વાત કરીએ, પછી તમને જણાવી દઈએ કે ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો ઈ૧.૧૩ બિલિયન હતો, જે એક વર્ષ પહેલાના સમાન ક્વાર્ટરમાં $2.51 બિલિયન હતો. મતલબ કે કંપનીના નફામાં ૫૫ ટકાનો ઘટાડો થયો છે. ઘટતા નફાની સાથે ટેસ્લા (Tesla Revenue Fall)ની આવકમાં પણ ૨૦૨૦ પછી પ્રથમ વખત ઘટાડો થયો છે. તાજેતરના ભૂતકાળમાં ટેસ્લાના શેરમાં તીવ્ર ઘટાડો થયો છે.

# ભારતીય શેરબજારમાં ટ્રેડિંગમાં નિફ્ટી ૨૨૪૦૦ પાર, સેન્સેક્સમાં તેજી

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।



ડૉલર ઈન્ડેક્સમાં નબળાઈ અને વૈશ્વિક બજારના મજબૂત વલણને કારણે આજે સ્થાનિક શેરબજારમાં કારોબારની શરૂઆત મજબૂત નોંધ પર થઈ છે. સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં સારો વધારો જોવા મળી રહ્યો છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ ખરીદીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

FMCG સિવાય નિફ્ટીના તમામ સેક્ટરના સૂચકાંકો લીલા છે. એકંદરે, BSE પર લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપ માં રૂ. ૧.૮૩ લાખ કરોડનો વધારો થયો છે, એટલે કે બજાર ખુલતાની સાથે જ રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧.૮૩ લાખ કરોડનો વધારો થયો છે. હવે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકોની વાત કરીએ તો HDFC બેંક જેવા હેવીવેઈટ શેરોમાં વધારો થવાને કારણે BSE સેન્સેક્સ હાલમાં ૨૨૬.૨૮ પોઈન્ટ એટલે કે ૦.૩૧ ટકા વધીને ૭૩૯૬૪.૭૩ પર છે અને નિફ્ટી ૫૦ ૫૩.૬૫ પોઈન્ટ એટલે કે ૦.૨૪ ટકા વધીને ૦.૨૪ ટકા પર છે. એક ટ્રેડિંગ દિવસ પહેલા સેન્સેક્સ ૭૩૭૩૮.૪૫ પર અને નિફ્ટી ૨૨૩૬૮.૦૦ પર બંધ થયો હતો.

એક ટ્રેડિંગ દિવસ અગાઉ એટલે કે ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ, BSE પર સૂચિબદ્ધ તમામ શેર્સની કુલ માર્કેટ કેપ રૂ. ૩,૯૯,૬૪,૭૬૯.૬૧ કરોડ હતી. આજે એટલે કે ૨૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બજાર ખુલતાની સાથે જ તે ૪,૦૧,૪૮,૩૬૫.૧૫ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

મતલબ કે રોકાણકારોની મૂડીમાં રૂ. ૧,૮૩,૫૯૫.૫૪ કરોડનો વધારો થયો છે. સેન્સેક્સ પર ૩૦ શેર લિસ્ટેડ છે, જેમાંથી ૨૫ ગ્રીન ઝોનમાં છે. સૌથી વધુ ઉછાળો એરટેલ, ટાટા સ્ટીલ અને ટાટા મોટર્સમાં છે. બીજી તરફ ઈન્ફોસિસ, એમએન્ડએમ અને કોટક બેંકમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. સમાચાર લખાયા ત્યારે BSE પર ૨૨૯૩ શેરનો વેપાર થઈ રહ્યો હતો.

આમાં ૧૭૬૦ શેર મજબૂત દેખાઈ રહ્યા હતા, જેમાં ૪૩૫માં ઘટાડાનું વલણ જોવા મળી રહ્યું હતું અને ૯૮માં કોઈ ફેરફાર જોવા મળી રહ્યો નથી. આ સિવાય ૧૨૨ શેર એક વર્ષની ટોચે અને ૪ શેર એક વર્ષની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જ્યારે ૧૧૩ શેર અપર સર્કિટ પર પહોંચ્યા હતા, જ્યારે ૧૭ શેર લોઅર સર્કિટ પર પહોંચ્યા હતા.

### ઘટના ઝુંઝુનૂં જિલ્લાના નવલગઢના લોછવાની ઢાળીની છે

# ભાણિયાના લગ્નમાં નાચતા નાચતા મામાનું થયું મોત

। (એજન્સી) કોટા, તા.૨૪ ।

અત્યારે લગ્નમાં દુર્ઘટનાના સમાચાર અવાર-નવાર સામે આવતાં રહે છે. રાજસ્થાનમાં કોટા અને કરોલીમાં લગ્નમાં મોતની ઘટના બાદ હવે ઝુંઝુનૂં જિલ્લામાં પણ આવો જ મામલો સામે આવ્યો છે. ત્યાં ભાણિયાના લગ્નમાં ડીજે પર નાચી રહેલા મામાને અચાનક હાર્ટ એટેક આવી ગયો. તેના કારણે તેઓ નીચે પડી ગયા અને ત્યાં જ તેમનું મોત નીપજ્યું. આ ઘટના ઝુંઝુનૂં જિલ્લાના નવલગઢના લોછવાની ઢાળીની છે. ત્યાં લગ્ન સમારોહમાં વરના મામાનું મોત નીપજવાથી જશ્ન શોકમાં ફેરવાઈ ગયો. હાર્ટ એટેકનો ભોગ બનેલા કમલેશ ઢાકા ભાણિયાના લગ્નમાં મામેરુ લઈને પોતાના પરિવારના સભ્યો સાથે ૨૦ એપ્રિલે લોછવાની ઢાળી ગયા હતાં. ત્યાં તેમણે મામેરું ભરી દીધું હતું. મામેરું ભર્યા બાદ કમલેશ ચાક-પૂજા દરમિયાન માથા પર માટલુ લઈને નાચી રહ્યાં હતાં. વરના કાકા સુલ્તાન સિંહે જણાવ્યું કે તે દરમિયાન કમલેશ ઢાકાને હાર્ટ એટેક આવી ગયો અને તેઓ નીચે પડી ગયાં. આ જોઈને લગ્ન સમારોહમાં હાજર લોકો સ્તબ્ધ થઈ ગયા. તે બાદ કમલેશ ઢાકાને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ત્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કરી દીધાં. ડોક્ટરોએ કાર્ડિયક અરેસ્ટથી કમલેશ ઢાકાનું મોત થયું હોવાનું જણાવ્યું. વરના મામાનું હાર્ટ એટેકથી મોત થઈ જવાની માહિતીથી સમગ્ર લગ્નનો ઉત્સાહ માતમમાં બદલાઈ ગયો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN Channel Nine Network Gujarat
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

## તંત્રી લેખ...

# તાઈવાનમાં એક જ રાતમાં ૮૦ ભૂકંપના ઝટકા

થોડા દિવસ પહેલા આવેલા ભૂકંપના મોટા ઝટકાથી હજુ તો તાઈવાન ઊભર્યુ નહોતુ, ત્યાં ફરી એક જ રાતમાં તાઈવાનમાં ૮૦ જેટલા ઝટકા અનુભવાયા છે. સોમવારે તાઈવાનની પૂર્વીય કાઉન્ટી હુઆલીનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. સોમવારે દેશમાં આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. તાઈવાનની રાજધાની રાતથી વહેલી સવાર સુધી ભૂકંપથી પ્રભાવિત થઈ હતી. સેન્ટ્રલ મીટીરોલોજીકલ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે સૌથી મોટો ૬.૩-તીવ્રતાનો ભૂકંપ પૂર્વીય હુઆલીનમાં આવ્યો હતો. સેન્ટ્રલ મીટીરોલોજીકલ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, પ્રથમ તીવ્ર ભૂકંપ ૫.૫ની તીવ્રતા સાથે આવ્યો હતો. તે સોમવારે સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૦૮ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૦ વાગ્યે) આવ્યો હતો. રાજધાની તાઈપેઈમાં આ આંચકો અનુભવાયો હતો. તાઈપેઈમાં પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ પછી રાત્રે ૨:૩૦ વાગ્યે (ભારતીય સમય મુજબ ૧૨:૦૦ વાગ્યે) એક પછી એક બે જોરદાર આંચકા અનુભવાયા હતા. તાઈપેઈના દાન જિલ્લામાં રહેતા એક પ્રવાસી ઓલિવિયર બોનિફેસિયોએ કહ્યું કે મને લાગ્યું કે મને ચક્કર આવી રહ્યા છે. ''હું મારા રૂમમાં ગયો અને જોયું કે બિલ્ડિંગ ધ્રૂજી રહ્યી હતી અને મેં ડેસ્કને હલતા જોયુ'' તેણે કહ્યું. પછી તેને સમજાયું કે તે બીજો ઝટકો હતો. સેન્ટ્રલ મીટીરોલોજીકલ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે સવારે ૨:૨૬ વાગ્યે ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, ત્યારબાદ છ મિનિટ પછી ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુએસ જીઓલોજિકલ સર્વેએ તેને પહેલા ૬.૧, પછી ૬.૦ પર મૂક્યું. **Hualien** વિસ્તાર ૩ એપ્રિલના રોજ ૭.૪ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર હતું. જેના કારણે પર્વતીય વિસ્તારની આસપાસ ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થયા હતા. ઉપરાંત મુખ્ય હુઆલીન શહેરની ઈમારતોને ખરાબ રીતે નુકસાન થયું હતું. અગાઉ આવેલા ધરતીકંપમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. હુઆલીનના અગ્નિશમન વિભાગે જણાવ્યું હતું કે તાજેતરમાં આવેલા ધરતીકંપને કારણે થતી કોઈપણ આફતોનું નિરીક્ષણ કરવા માટે ટીમો મોકલવામાં આવી હતી. બપોરે ૨:૫૪ વાગ્યે તેઓએ એક નિવેદન જાહેર કરીને કહ્યું કે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી.

# પર્યાવરણીય સ્થિરતા અને સચેત ઉપભોગ વિશે ચિંતિત દુનિયામાં ગ્રીનવોશિંગ એક વધતી ચિંતા



હાલના સમયમાં જાહેરાત બજારની દુનિયાનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો બની ચૂકી છે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં વૈશ્વિક જાહેરાત બજારનો આકાર ૬૧૫.૨ અબજ અમેરિકી ડોલર હતો, જે આગામી કેટલાંક વર્ષોમાં ૮૦૦ અબજ ડોલર થવાનું અનુમાન છે. આંકડા જોઈએ તો સરેરાશ વ્યક્તિ પ્રતિદિન ૨૦૦થી ૩૦૦ જાહેરાત સુધી જુએ છે. જાહેરાત લોકોને માહિતી આપવા અને ઉત્પાદનો વગેરે વિશે જાગરુક કરવાનું એક પ્રભાવી માધ્યમ છે. પરંતુ હાલના સમયમાં જે પ્રકારે ભ્રામક જાહેરાતોનું ઘોડાપૂર આવ્યું છે, તે સમાજ માટે સમાધાન ઓછું, સમસ્યા વધુ બનતી દેખાઈ રહી છે. જાહેરાત આપનારનો ઈરાદો મનોવૈજ્ઞાનિક રૂપે તમને પ્રભાવિત કરીને તમારા વિચારો અને નિર્ણયોને પ્રભાવિત કરવાનો હોય છે. માત્ર સાત દિવસમાં કાળામાંથી ગોરા કરવા કે પછી એક ખુશ્બુદાર ડિઓડ્રન્ટના સ્પ્રે માત્રથી મહિલાઓ તમારા પ્રત્યે ખેંચાઈ આવવાનો દાવો કરનારી જાહેરાતો તમે ખૂબ જોઈ હશે. હમણાં થોડા દિવસ પહેલાં સાયન્સ જર્નલ 'મેડિસિન'એ ભારતમાં વેચાતા અને વપરાતા સૌથી લોકપ્રિય પ્રોટીન પાઉડરની ૩૬ વિભિન્ન બ્રાન્ડો પર કરવામાં આવેલ વિશ્લેષણના નિષ્કર્ષ પ્રકાશિત કર્યા હતા. વિશ્લેષણથી ખબર પડી કે ૩૬ પૂરકોમાંથી લગભગ ૭૦ ટકામાં પ્રોટીનની ખોટી માહિતી હતી, કેટલીક બ્રાન્ડ પોતાના દાવા કરતાં માત્ર અડધું જ પ્રોટીન આપતી હતી. તે ઉપરાંત લગભગ ૧૪ ટકા નમૂનામાં હાનિકારક ફૂગ હતી, જ્યારે ૮ ટકા નમૂનામાં કીટનાશકોના અવશેષે મળી આવ્યા! આ પરિણામો ભ્રામક જાણકારી, પારદર્શિતાનો અભાવ અને એવાં ઉત્પાદનોથી પેદા સંભવિત સ્વાસ્થ્ય જોખમો વિશે વધતી ચિંતાને દર્શાવે છે. પર્યાવરણીય સ્થિરતા અને સચેત ઉપભોગ વિશે ચિંતિત દુનિયામાં ગ્રીનવોશિંગ એક વધતી ચિંતા બની ગઈ છે. ગ્રીનવોશિંગ, જેને ઉત્પાદનો કે સેવાઓ વિશે ભ્રામક પર્યાવરણીય દાવા રૂપે પરિભાષિત કરવામાં આવ્યું છે, તેણે નિયામકો, ગ્રાહકો અને વકીલાત સમૂહોનું સમાન રૂપે ધ્યાન આકર્ષિત કર્યું છે. હાલમાં જ યુરોપીય સંસદ અને ભારતીય ન્યાયપાલિકા, બંનેએ આ મુદ્દાને સંબોધિત કરવા માટે નિર્ણાયક પગલાં ભર્યાં, જે સખત નિયમો અને વિતરણ પ્રથાઓમાં વધુ જવાબદારી તરફ વૈશ્વિક બદલાવનો સંકેત છે. આ જ રીતે ભારતીય ન્યાયપાલિકા દ્વારા ઉત્પાદનોની પ્રભાવકતા વિશે ભ્રામક અને નિરાધાર દાવા કરવા બદલ પતંજલિ સમૂહની નિંદા કરવી કંપનીઓને તેમના માર્કેટિંગ પ્રત્યે જવાબદાર બનાવવાના મહત્ત્વને રેખાંકિત કરે છે. ન્યાયપાલિકાનો નિર્ણય ગ્રાહકોને ખોટી માહિતીના આધાર પર વિકલ્પ પસંદ કરવાથી બચાવે છે અને એ સુનિશ્ચિત કરે છે કે કંપનીઓ પોતાના માર્કેટિંગમાં નૈતિક માપદંડોનું પાલન કરે. ગ્રીનવોશિંગ કે ભ્રામક જાહેરાત ન માત્ર ગ્રાહકોને ગુમરાહ કરે છે, પરંતુ ટકાઉ પ્રથાઓને ઉત્તેજન આપવા અને પર્યાવરણીય પ્રભાવને ઘટાડવાના પ્રયાસોને પણ કમજોર કરે છે. ભ્રામક જાહેરાતો પર લગામ કસીને નિયામક કંપનીઓને વધુ જવાબદાર અને પારદર્શી માર્કેટિંગ રણનીતિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. ભ્રામક જાહેરાતોને સંબોધિત કરવા માટે બહુઆયામી દૃષ્ટિકોણની જરૂર છે, જેમાં નિયામકો, ઉદ્યોગ હિતધારો, ગ્રાહકો અને જનતા વચ્ચે સહયોગ સામેલ હોય છે. નિયામક એ સુનિશ્ચિત કરતાં કે કંપનીઓ જાહેરાતમાં સચ્ચાઈનું પાલન કરે છે, પર્યાવરણીય દાવા માટે સ્પષ્ટ દિશાનિર્દેશ અને માપદંડ સ્થાપિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.

---

**સામેની વ્યક્તિને વાણી કે દેખાવથી પ્રભાવિત અવશ્ય કરી શકાય, પરંતુ જીવન પ્રકાશિત એ રીતે ક્યારેય થતું નથી**

# હે કરુણાના કરનારાં! એ પ્રાર્થના થકી ચાલો સાચું આત્મ નિવેદન કરી સૌ શુદ્ધ થઈ જઈએ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**માનવી સંસ્કારી હોય તો સારી વાત છે, પરંતુ સમાજમાં આજકાલ સંસ્કારને નામે દંભ થઈ રહ્યો છે, કોઈપણ વાત હોય એટલે દંભ દેખાડાથી પોતાની જીવનશૈલીનું પ્રદર્શન કરવું, એ આજના સમયની સૌથી મોટી દ્વિધા છે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ ચૈત્ર સુદ તેરસના દિવસે મહાવીર જયંતિ ગઈ, અને સમાજને કેમ જીવવું જોઈએ એમ જીવીને ખૂબ જ ઉચ્ચ જ્ઞાન આપનારા એ અવતાર ચરિત્રનાં ચરણોમાં પ્રેમ પ્રણામ. જૈન ધર્મનો જો કોઈ મુખ્ય સંદેશ હોય તો એ અહિંસા છે, અને આપણાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ પણ અહિંસાનું આજીવન વ્રત પાળ્યું. આજે ગુરુવાર એટલે પ્રાર્થના! તો જૈન સ્તવન તરીકે પ્રસિદ્ધ એવી એક પ્રાર્થના વિશે ચિંતન કરીશું. જૈન ધર્મમાં તપશ્ચર્યાનું ખૂબ જ મહત્વ છે, અને ખરેખર સંયમ એ એક એવું વ્રત છે, જેને આચરણમાં મુક્યાં વગર એના લાભ વિશે કંઈ કહેવું ભેંસ આગળ ભાગવત જેવું છે. પણ છતાં મનુષ્યનો જન્મ એટલે સત્ય, જીવન એટલે પ્રેમ, અને મૃત્યુ એટલે ઈશ્વરની કરુણા, આ ત્રણ તબક્કામાં તે વહેંચાયેલો રહે છે.મનુષ્યને જન્મથી અમુક પ્રકારના સંસ્કાર મળે છે, અને તે સારી નરસી પરિસ્થિતિમાં એ સંસ્કાર પ્રમાણે ધૈર્યથી કે ઉતેજીત થઈ જીવે છે. માનવી સંસ્કારી હોય તો સારી વાત છે, પરંતુ સમાજમાં આજકાલ સંસ્કારને નામે દંભ થઈ રહ્યો છે, કોઈપણ વાત હોય એટલે દંભ દેખાડાથી પોતાની જીવનશૈલીનું પ્રદર્શન કરવું, એ આજના સમયની સૌથી મોટી દ્વિધા છે. અને તેમાંથી દેખાદેખી, ઈર્ષા, નિંદા, જેવા અવગુણને પોષણ મળે છે. જીવન આંધળી દોટ મુકી અને ગમે તે દિશામાં દોડે છે, ત્યાં કુસંગ પણ થઈ શકે અને માર્ગ ભટકી પણ શકાય. આ બધી શક્યતાઓને નકારી અને જીવ આખરે શું શોધવા નીકળે છે.સામેની વ્યક્તિને વાણી કે દેખાવથી પ્રભાવિત અવશ્ય કરી શકાય, પરંતુ જીવન પ્રકાશિત એ રીતે કયારેય થતું નથી, એ વાત હંમેશા યાદ રાખવી. બે પાંચ મિનિટની વાહ વાહ માટે થઈને જીવનને પતન તરફ દોરી જવું તે કેટલે અંશે યોગ્ય છે? અને આ કોઈ એક વર્ગની વાત નથી, સમાજના ૭૦ ટકા ઉપરના લોકો અત્યારે આ રીતનું જીવન જીવી રહ્યા છે.તેના મનમાં એમ છે કે આવતીકાલનો કોઈ જ ભરોસો નથી, માટે માણી લ્યો! પણ શું આ ભોગવિલાસ, કે કામના પુર્તી, એને જ જીવન માણ્યું કહેવાય? બગીચામાં બેઠા હોઈએ તો બગીચાના ફૂલ છોડ ના દેખાય, પરંતુ ત્યાંના અન્ય લોકોના પહેરવેશ અને બોલી દેખાય તો સમજવું, કે એને માણતા નથી આવડતું. પ્રકૃતિને નિહાળીએ ત્યારે એકાદ ઉદગાર તો એ હજાર હાથવાળા માટે નીકળવો જ જોઈએ, જે રોજ સવારે સૂર્ય પ્રકાશિત કરે છે, આપણને જગાડે છે, અને નિરંતર પવન, પાણીને વહાવે છે. આ બાગ બગીચા હર્યાભર્યા થાય છે, ખેતરોમાં પાક લહેરાય છે, અને સૌથી મહત્વનું તો જન્મેલું બાળક ધીરે-ધીરે કાલુ કાલુ બોલતું એ બાળક જીવનની રફતારમાં દોડવા લાગે છે. એ વાત સાથે તો સૌકોઈ સંમત થશે, કે જ્યારે પરમાત્મા એ જન્મ આપીને પૃથ્વી પર મોકલ્યા હતા, એવા નિખાલસ તો અહીં કોઈ રહેતું નથી.ધીરે શારીરિક વૃદ્ધિની સાથે સાથે માનસિક વૃત્તિની વૃદ્ધિ પણ થાય છે, એ સારી ખરાબ બંને થઈ શકે,



પણ માની લઈએ કે માનસિક વૃત્તિ ખરાબ થાય, અને જીવ ગમે તેમ આડેધડ જીવે, અનીતિ ને ભ્રષ્ટાચાર કરી જીવન જીવે, છતાં આપણે જો આત્મ નિવેદન કરીએ તો ઈશ્વર આપણી ભૂલોને કે કુકર્મ ને યાદ રાખ્યા વગર અપંરપાર કરુણા કરે છે, ત્યારે જીવને ઈશ્વરની સાચી કિંમત થાય છે, અને તે જે પ્રાર્થના કરે છે, એ વિશે આપણે આજે વાત કરીશું.. હું હમણાં હનુમાન જયંતી નિમિત્તે તલગાજરડા ગઈ હતી, અને આપણે તો હનુમાનજીને સંકટ હરણ તરીકે પૂજીએ છીએ, જોકે ચિંતનની ધરોહર જ સર્વનો સ્વીકાર છે.

**કરુણાના કરનારા**
**હે કરુણાના કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હે સંકટના હરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**મેં પાપ કર્યા છે એવાં,**
**હું તો ભૂલ્યો તારી સેવા,**
**મારી ભૂલોને ભૂલનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હું અંતરમાં થઈ રાજી,**
**ખેલ્યો છું અવળી બાજી,**
**અવળી સવળી કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**હે પરમ કૃપાળુ વ્હાલા,**
**મેં પીધા વિષના પ્યાલા,**
**વિષને અમૃત કરનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**કદી છોરુ કછોરું થાયે,**
**પણ તું માવતર કહેવાયે,**
**મીઠી છાયાના દેનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**મને જડતો નથી કિનારો,**
**મારો ક્યાંથી આવે આરો,**
**મારી નાવના ખેવણહારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**
**છે જીવન મારું ઉદાસી,**
**તું શરણે લે અવિનાશી,**
**મારા દિલમાં હે રમનારા,**
**તારી કરુણાનો કોઈ પાર નથી.**

આ રચનાના રચયિતા પણ અજ્ઞાત છે, પરંતુ જૈન ધર્મનું સ્તવન છે. આટલી સુંદર રચના!! છતાં અજ્ઞાત, ભગવાન મહાવીર કરુણા અવતાર કહેવાય છે, એટલે તેને સંબોધીને આખી પ્રાર્થના ગવાઈ છે. કવિ ભગવાનને કહે છે, હે કરુણા કરનાર જીવનના સંકટ સમયને હરનારા તારી કરુણા અપાર છે.આમ તો આ આખી પ્રાર્થના આત્મનિવેદન પર જ છે.કવિ ઈશ્વરને કહે છે, કે આખી જીંદગીમાં ખૂબ પાપ કર્યા છે, અને તારી સેવા પૂજા કરવાનું હું ભૂલી ગયો છું, જીવનને એક સ્પર્ધાની જેમ જીવ્યો છું, અને હંમેશા અનીતિથી કે ઈર્ષા કરીને કે અવળી બાજી એટલે ખોટી રીતે જીત મેળવી અંદરથી રાજી થાઉં છું.સંસાર કે સંબંધ ને નામે મને વિષ જ મળ્યું છે, એ વિષ ને તે અમૃતમાં ફેરવનાર તારી કરુણા અપાર છે. હે ઈશ્વર અમે તો કછોરું કહેવાઈએ, પણ તમે તો મીઠી છાંયા આપે એવા માવતર છો, તમારી કરુણા અપાર છે. જીદગીનાં એવા દોરાહા પર હું ઉભો છું, કે મને ક્યાંય આરો દેખાતો નથી,મારી ડુબતી નાવના ખેવણહાર તારી કરુણા અપાર છે. જીવનના ચડ ઉતાર કે પછી સંબંધોનાં તૂટવાથી કે પછી આજ સુધીના જીવનના પશ્ચાતાપથી હું બહુ ઉદાસ છું, મને તમારા શરણમાં રાખી લ્યો કે નિત્ય સ્થાન આપો, મારા હદયમાં નિત્ય વાસ કરનારા,કે રમનારા તારી કરુણા અપાર છે. ઈશ્વરને એટલે જ કરુણા નીધી, કરુણા સાગર, કૃપા નિધાન, તેમજ પરમ કૃપાળુના સંબોધન કરવામાં આવે છે.તેની કરુણા અપાર છે. માનવીનો ઈશ્વર તરફ ભરોસો હોય કે ન હોય, પરંતુ ઈશ્વરનો તો માનવીમાં અતૂટ ભરોસો છે, અને એનું પ્રત્યક્ષ પ્રમાણ છે, કે રોજ રોજ દુનિયામાં કેટલાય બાળકનો જન્મ થાય છે.દરેકને જન્માવતી વખતે તો તે અવશ્ય એમ જ વિચારતો હશે કે, ના! આ તો સારું જીવશે, અને સૃષ્ટિનુ સંતુલન બગાડશે નહીં. અથવા તે અન્યને સારું જીવન જીવવા પ્રેરણા આપશે, અને વળી પાછી આ સૃષ્ટિ સુંદર થશે! સો ટકા ઈશ્વરના આવા કંઈક જ ભાવ રહ્યા હશે, એટલે જ આ જન્મનો દર યથાવત રહે છે. આપણે સૌ તેની કરુણાનો અનુભવ કરીને, તેણે જે વિચારીને જન્મ આપ્યો છે,તે મુજબનું જીવન જીવી તેને પ્રસન્ન કરીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**ભક્તિ સદગુણોને લાવે છે, ભક્તિ સર્વગુણોની જનની છે, ભક્ત નમ્ર હોય છે, ભક્ત વિનિત હોય છે**

# કળિયુગનો માનવી ભોગપરાયણ થશે, અને તેથી તે યોગમાં પ્રવૃત્ત થઈ શકશે નહીં તેથી કરુણા કરી તેઓએ ભાગવતશાસ્ત્ર રચ્યું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વિધિનિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિ ઓ પણ ભગવાનના અનંત કલ્યાણમય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છેભક્તિનો મહિમા હવા-કઈ જ્ઞાનીને અભિમાન પજવે છે, ભક્તને નહીં.**

ડાળપાન નહીં, છાલ લાકડું નહીં પણ ફળ ઝાડની છાલ તથા પાનમાં જે રસ હોય છે તેના કરતાં ઝાડના ફળમાં વિશેષ રસ હોય છે એ કોણ નથી જાણતું? માટે આ ફળનું મોક્ષ મળતાં સુધી તમે વારંવાર પાન કરો. ઈશ્વરમાં તમારો લય ન થાય ત્યાં સુધી ભાગવત રસનું પાન કરો. વેદાંત અધિકારીને માટે છે, સર્વને માટે નથી. વેદાંત સર્વનો ત્યાગ કરવા કહે છે. સંસારીથી એ બને નહીં. એવાના ઉદ્ધાર માટે કાંઈ ઉપાય ખરો? હા, છે. ત્યાગ ન કરી શકો તો કાંઈ હરકત નહીં, પરંતુ સર્વસ્વ ઈશ્વરને સમર્પણ કરો અને અનાસક્તપણે તે ભોગવો. વ્યાસજીએ બ્રહ્મસૂત્ર બનાવ્યાં. યોગદર્શન ઉપર ભાષ્ય રચ્યું. પરંતુ તેઓને લાગ્યું કે કળિયુગનો માનવી ભોગપરાયણ થશે, અને તેથી તે યોગમાં પ્રવૃત્ત થઈ શકશે નહીં તેથી કરુણા કરી તેઓએ ભાગવતશાસ્ત્ર રચ્યું. ખરી વાત જ એ છે કે પરીક્ષિતને નિમિત્ત બનાવીને સંસારમાં ફસાયેલા લોકોને માટે વ્યાસજીએ આ ભાગવતની કથા કહેલી છે. ભાગવત ખાસ કરીને સંસારીઓ માટે છે. પ્રભુપ્રેમ વિના શુષ્ક જ્ઞાનની શોભા નથી એ બતાવવાનો ભાગવતનો ઉદ્દેશ છે. ભકિત વિનાના જ્ઞાનની શોભા નથી.જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી, ને મરણને સુધારવાને બદલે મરણને બગાડે એવો સંભવ છે. અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે. વિધિનિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિ ઓ પણ ભગવાનના અનંત કલ્યાણમય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છેભક્તિનો મહિમા હવા- કઈ જ્ઞાનીને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદગુણોને લાવે છે.ભક્તિ સર્વગુણોની જન ની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે. જે કથા પાપ છોડાવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગૃત કરે તે સાચી ભાગવત કથા. માટે ફરી ફરી કહું છું કે, ભગવાનની કથા અને ભગવાનના સ્મરણથી હૃદયને આર્દ્ર બનાવો. તેના મંગલમય નામનો જપ કરો. આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે.'' વિષયોનું બંધન મનુષ્ય છોડે, તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે. સંયમ અને સદાચારને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિમાં આનંદ આવશે.સંતો,મહાત્માઓ અને મહાપુરુષો આ જગતના જીવોના કલ્યાણ માટે જ આ જગતમાં દેખાય છે. આ તેની હાજરી દ્વારા અને તેની હાજરી પછી, તેના સારા કાર્યો અને સંગત દ્વારા વિશ્વને પ્રગટ થાય છે. દરેક આત્મા ભગવાન સુધી પહોંચવા માટે જીવનભર ભજન અને સત્સંગ કરતો રહે છે. તેઓ માને છે કે જ્યારે એક વ્યક્તિ જાગે છે, ત્યારે તે હજારો લોકોને જાગૃત કરે છે. એક તત્વદર્શી સદગુરુ જ બ્રહ્મ તત્વનો અહેસાસ કરાવી શકે છે. હરિ કે સુમરે સો વર હે ગુરુ સુમરે સો જો કોઈ પરમાત્માને પામવાનો પ્રયત્ન કરે છે તો તે ગુરુનો સંગ પ્રાપ્ત કરે છે. જ્યારે



તે સદગુરુના ચરણોમાં આવે છે. બોધને ઓળખે છે. પછી તે સત્ય સુધી પહોંચી શકશે. સત્યયુગમાં લક્ષ્મીજીએ ભગવાન વિષ્ણુને પ્રશ્ન પૂછ્યો હતો, ત્રેતાયુગમાં ભગવાન રામને, સીતા જીએ, દ્વાપર યુગમાં ભગવાન શ્રી કૃષ્ણને,રુકમણીજીએ પ્રશ્ન પૂછ્યો હતો. હે ભગવાન, કૃપા કરીને શંકાનું નિવારણ કરો જે શ્રેષ્ઠ સત્ય અને ધર્મ છે. પછી ત્રણ યુગમાં ભગવાને ચોથા યુગમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે રામાપીરના રૂપમાં નેતલ દેવી એ કહ્યું હતું. જેમ કેરીના બીજ હોય છે તેમ આંબાનું ફળ પણ પાછળથી આવે છે.પહેલા બીજ અને પછી ફળ, આ જ વાત ભગવાન કૃષ્ણએ ગીતામાં પણ અજુનને કહી છે. અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશય, અહમદિશ્ચ મધ્ય ચ ભૂતાનમંત અને ચ માં સ્થિત છે. ગીતા અધ્યાયઃ દશ શ્લોકઃ વીસ હે અજુન, હું તેમના હૃદયમાં રહેલા તમામ જીવોનો આત્મા છું અને હું જ તમામ જીવોનો આદિ, મધ્ય અને અંત છું. એટલે કે જન્મ, મૃત્યુ અને જીવન પણ હું જ છું.હું દરેક વ્યક્તિના શરીરમાં બીજના સ્વરૂપમાં સમાન છું. માણસનું બીજ આત્મા છે. આત્માના પેહચન ફિલસૂફ ફક્ત સદગુરુ મહારાજ વિશે કહી શકાય. શબ્દો ઉદાસી ગુરુઆંતજાગટની પેસ્ટ અને ભગવાનના સંઘ પ્રત્યેની બાહ્ય ભક્તિને સમજાવે છે. બલે નધ ઘટ ઘટ ઘટ આયાં ઓ આયન જ્યારે આત્મા આ શરીર માં હોય છે, તો પછી બધા સંબંધો તે દિવસ છે કે જેના પર આત્મા શરીરમાંથી બહાર આવે છે અને પછી બધા સંબંધો !!જ્યાં સુધી જીવંત માણસો શરીર માં રહે છે. જ્યારે હવા ઘરે ગઈ હોય અને શરીર તે શરીરમાં ડરથી ડરતો હોય ત્યારે તે ઘરમાં સારી રીત માંગે છે. જ્યાં બધી આત્માઓ શરીરમાં હોય છે, આપણી કુશળતાના બધા સમાચાર. આત્મામાંથી બહાર નીકળ્યા પછી, પોતાની પત્ની પણ ભૂત વિશે વિચારવાનું શરૂ કરે છે. સંતોએ પણ આ વિશે કહ્યું છે.તે જે બોલે છે તે બીજું કોઈ નથી. ભગવાનની શક્તિ એક આત્મા છે. પછી આપણે ખાઈ શકીએ, બોલી શકીએ, પાણી પી, ચાલવું, દોડી શકીએ. અમારું દરેક કાર્ય એક સાક્ષી અને માલિક છે, જેના માટે રામદેવપીરને નેતલ દેવીને સમજાવ્યું અને કહ્યું કે બીજ એક સરખો છે અને આત્મા સમાન છે. બીજો કોઈ સત્ય નથી. ઘર, સંપત્તિ યોગ્યતા,ઓહ આ શરીર પણ નાશ પામે છે અને એકમાત્ર આત્મા સાચું છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે. નૈનં છિન્દતિ શસ્ત્રાણી નૈનં દહતિ પાવકઃન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ એટલે કે હે પાર્થ, આત્માને ન શસ્ત્રો છેદી શકે, ન આગ બાળી શકે, તે ન પાણીથી પલળી જાય કે ન તો હવા તેને સુકવી શકે. તો આત્મા એવો અમર છે જ્યારે શરીર નાશવંત છે અને એવા શરીરનો ધર્મને ખાતર નાશ કરવા તારે ફરજ બજાવતાં શોકાતુર થવું યોગ્ય નથી.. મિત્રો, દરરોજ સવારે આપણે આપણી જાતને-મનને પૂછવું જોઈએ કે જેના માટે મને આ દુનિયામાં મોકલવામાં આવ્યો છે તેના માટે કોઈ તૈયારી કરવામાં આવી રહી છે કે નહીં. ચાર દિવસ ની યાત્રાની તૈયારીમાં કેટલું મોટું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે અને અનંત યાત્રા માટે કેટલીક તૈયારીઓ કરવામાં આવી છે કે પછી માત્ર ખોરાક,ટીકા,ડર અને જાતિ એટલે કે પશુ અને પક્ષીઓ સિવાય બીજું કંઈ જ નથી....!! અને છેલ્લે ચૂંટણીનો માહોલ જામે છે ત્યારે ચૂંટણી સ્પેશિયલ એક વાર ચંબલના ડાકુઓએ કવિઓ ને બોલાવીને કવિ સંમેલન યોજ્યું. બધા કવિઓએ સરસ કવિતાઓ રજુ કરી.ડાકુઓને બહુ મજા આવી. ખુશ થઈને ડાકુઓએ સોનાના દાગીના-ઘરેણા અને બહુ બધા રુપિયા કવિઓને આપ્યા કવિઓએ ખુશ થતાથતા વિદાય લીધી. આગળ જતાં એ જ ડાકુ ઓએ કવિઓને લૂંટી લીધા અને કહ્યુંઃતમને ભેટ આપવીએ અમારી ફરજ છે. અને લૂંટવુંએ અમારો ધંધો છે. વિષયોનું બંધન મનુષ્ય છોડે, તો જ મનને સાચા આનંદનું સુખ મળે છે. સંયમ અને સદાચારને ધીમે ધીમે વધારતાં જજો. ભક્તિમાં આનંદ આવશે.સંતો,મહાત્માઓ અને મહાપુરુષો આ જગતના જીવોના કલ્યાણ માટે જ આ જગતમાં દેખાય છે.

### તબુના સમાવેશ અંગે સસ્પેન્સ

# ‘દે દે પ્યાર દે ૨’માં અજયને સાથ આપશે અનિલ

## ૨૦૧૯ના વર્ષમાં રિલીઝ થયેલી ‘દે દે પ્યાર દે’માં અજય અને રકુલની લવ સ્ટોરી હતી



અજય દેવગન એક્શનની સાથે રોમેન્ટિક અને કોમેડી ફિલ્મો પણ કરતા રહે છે. સિરિયસ રોલ ધરાવતી સ્પોર્ટ્સ ડ્રામા ‘મૈદાન’ અને હોરર થ્રિલર ‘શૈતાન’માં પણ અજયનો નવો અંદાજ જોવા મળ્યો હતો. અજય દેવગનની આગામી ફિલ્મ દે દે પ્યાર દે ની સીક્વલ છે. આ ફિલ્મમાં અજય દેવગન અને રકુલ પ્રીત સિંહના રોલ યથાવત રખાયા બાદ હવે કાસ્ટમાં અનિલ કપૂરનો સમાવેશ થયો છે. ૨૦૧૯ના વર્ષમાં રિલીઝ થયેલી ‘દે દે પ્યાર દે’માં અજય દેવગન અને રકુલ પ્રીત સિંહની લવ સ્ટોરી હતી. ૨૬ વર્ષની રકુલ પ્રીતને તેના પિતાની ઉંમરના અજય દેવગન સાથે પ્રેમ થયો હતો. રોમાન્સની સાથે કોમેડી ધરાવતી આ ફિલ્મ બોક્સઓફિસ પર હિટ રહી હતી. ફિલ્મના અંતમાં અઝય દેવગને પોતાના પરિવાર સાથે રકુલની



મુલાકાત કરાવી હતી અને તેઓ લગ્ન માટે સંમત થયા હતા. કન્યા પક્ષનું રીએક્શન પહેલી ફિલ્મમાં દર્શાવાયું ન હતું. તેથી સીક્વલમાં આ ઘટના રજૂ થાય તેવી શક્યતા છે. ‘દે દે પ્યાર દે’ના પહેલા પાર્ટમાં આશિષ અને આયશાના સંબંધોની સાથે એક્સ વાઈફને પણ દર્શાવાઈ હતી. એક્સ વાઈફનો રોલ તબુએ કર્યો હતો. સેકન્ડ પાર્ટમાં આયશાના પરિવારને મહત્ત્વ આપવામાં આવશે, પરંતુ તબુને યથાવત રખાશે કે નહીં તે અંગે સસ્પેન્સ છે. રકુલના પિતાના રોલમાં અનિલ કપૂર જોવા મળે તેવી શક્યતા છે.

# અનન્યાની આવક મારા કરતાં વધુ છે, તેને હું કંઈ કહી શકું નહીં : ચંકી પાંડે

## અનન્યા અને આદિત્ય કપૂર ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે

વીતેલા જમાનાના એક્ટર ચંકી પાંડેની દીકરી અનન્યાએ બોલિવૂડના ટોચના સ્ટાર્સમાં સ્થાન મેળવ્યું છે. અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. અનન્યા અને આદિત્ય ઘણી વખત સાથે જોવા મળે છે. વેકેશનમાં પણ અનન્યાના પરિવાર સાથે આદિત્યની હાજરી હતી. આદિત્ય સાથે દીકરી અનન્યાના સંબંધો અંગે સવાલ પૂછાતાં ચંકી પાંડેએ દીકરીના અંગત મામલામાં હસ્તક્ષેપનો ઈનકાર કર્યો હતો. ચંકીએ જણાવ્યું હતું કે, તેઓ અનન્યા જેવડા હતા ત્યારે ઘણું ઓછું કમાતા હતા. તેમના કરતાં અનન્યાની આવક વધુ છે, તેને કંઈ કહેવાની હિંમત કઈ રીતે કરી શકાય? અનન્યા પોતાના ઈન્ટરવ્યૂ દરમિયાન આદિત્ય અંગે



ઉલ્લેખ કરતી રહે છે. આ અંગે વાત કરતા ચંકી પાંડેએ જણાવ્યું હતું કે, તેમાં કઈ ખોટું નથી. તે ૨૫ વર્ષની છે અને આ ઉંમરે તેમની આવક હતી, તેના કરતા અનન્યા વધારે કમાય છે. ૨૫ વર્ષની દીકરીને શું કરવું જોઈએ? તે કઈ રીતે કહી શકાય. ફિલ્મોમાં અનન્યાના અંતરંગ દૃશ્યો સામે પિતા તરીકે પોતાને કંઈ વાંધો નહીં હોવાનું ચંકીએ કહ્યું હતું. હોલિવૂડમાં આવા દૃશ્યો જોયાં છે અને તેમાં કંઈ ખોટું નથી. આવા દૃશ્યો સ્વીકારવા જોઈએ. દીકરીઓ ક્યારેય સલાહ લેવા તેમની પાસે આવે છે?



# ‘બડે મિયાં છોટે મિયાં’ માટે માનુષી છિલ્લર નોન વેજિટેરિયન બની હતી


માનુષી છિલ્લરે અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે કરેલી બિગ બજેટ ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ઓડિયન્સને ખુશ કરવામાં નિષ્ફળ રહી છે. આ ફિલ્મમાં અસરકારક રોલ માટે માનુષી છિલ્લરે ઘણાં પડકારોનો સામનો કર્યો હતો. માનુષીને શાકાહારી ભોજન વધારે પસંદ છે પરંતુ



ફિલ્મના શૂટિંગ દરમિયાન પ્રોટિનની જરૂરિયાત પૂરી કરવા માટે નોન વેજ ફૂડની મદદલીધી હતી. માનુષીએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યુ હતું કે, નાનણથી તે શાકાહારી ભોજન લેતી હતી. જેના કારણે મીટ લેવામાં ખચકાટ રહેતો હતો. કોવિડ-૧૯ અને ફિલ્મોમાં રોલ દરમિયાન મુશ્કેલી રહેતી હતી. મસલ્સ બનાવવા અને શારીરિક ક્ષમતા વિકસાવવા જરૂરી હતું. માનુષીના પિતા મેડિકલ પ્રોફેશન સાથે સંકળાયેલા છે. તેમણે આ પડકારો ઝીલવા માટે માનુષીને નોન વેજ ફૂડ લેવાની સલાહ આપી હતી. પ્રોટિન પૂરતી માત્રામાં મળી રહે તે માટે તેઓ મીટ ખાવાની સલાહ આપતા હતા. માનુષીએ વધુમાં જણાવ્યું હતું કે, શરીરને પોષણની જરૂરિયાત મુજબ તેઓ સામે બેસીને મીટ ખવડાવતા હતા. શરૂઆતમાં મીટ ખાવાનું ગમતુ ન હતું, પરંતુ તેઓ બળજબરીથી જરૂરિયાત મુજબનો ખોરકા આપ તા હતા. ખાન-પાનની આદતમાં આવેલો આ ફેરફાર ‘બડે મિયાં છોટે મિયાં’માં ખૂબ મદદરૂપ બન્યો હતો.

### રજનીકાંતની આગામી ફીલ્મ ‘કુલી’ રિલીઝ

# રજનીકાંતની ૧૭૧મી ફિલ્મ ૨૦૨૩ સપ્ટેમ્બરમાં એનાઉન્સ થઈ હતી




સાઉથના સુપરસ્ટાર રજનીકાંતની ૧૭૧મી ફિલ્મ માટે પૂરજોશથી તૈયારી ચાલી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં ફિલ્મ અંગે એનાઉન્સમેન્ટ થયા બાદ સોમવારે તેનું ટાઈટલ નક્કી થયું છે. ‘કુલી’ ટાઈટલ જાહેર થવાની સાથે ટીઝર પણ શેર કરવામાં આવ્યું છે, જેમાં રજનીકાંતનો સુપર સ્વેગ ફરી જોવા મળે છે. ફિલ્મના ટીઝરમાં રજનીકાંતે સોનાની ઘડિયાળોની ચેઈન બનાવી છે અને તેનાથી ગુંડાઓને ફટકારતા જોવા મળે છે. ‘કુલી’માં રજનીકાંતનો રફ એન્ડ ટફ લૂક છે અને હાથ પર ‘કુલી’નો બિલ્લો છે. રજનીકાંતની દરેક ફિલ્મમાં તેમના એક્શન સીક્વન્સ ખૂબ દિલચસ્પ હોય છે. માત્ર હાથના ઈશારાથી ગુંડાઓને પરાસ્ત કરી દેનારા રજનીકાંતે આ વખતે અનોખી ચેઈન બનાવી છે. સોનાની ઘડિયાળોની બનેલી આ ચેઈનથી તેઓ ગુંડાઓને ફટકારી રહ્યા છે. ટીઝરનમાં મોનોક્રોમ ટોન રખાયો છે, પરંતુ સોનાની ઘડિયાળોનો ઓરિજિનલ રંગ સાચવવામાં આવ્યો છે. ૨૮ માર્ચે ફિલ્મના ડાયરેક્ટર લોકેશ કનગરાજે રજનીકાંતનો ફર્સ્ટ લૂક શેર કર્યોહતો. રજનીકાંતની ૧૭૧મી ફિલ્મ ઉપરાંત તેઓ ‘કૈથી ૨’ પર પણ કામ કરી રહ્યા છે. હાલ ‘કૈથી ૨’નું પ્રી-પ્રોડક્શન ચાલી રહ્યું છે અને ‘કુલી’નું શૂટિંગ પૂરું થયા પછી ‘કૈથી ૨’ની શરૂઆત કરવામાં આવશે. રજનીકાંત અને લોકેશ પહેલી વાર ‘કુલી’માં સાથે કામ કરી રહ્યા છે. સન પિક્ચર્સ દ્વારા ફિલમનું પ્રોડક્શન કરવામાં આવશે. ફિલ્મમાં રજનીકાંત સિવાયની કાસ્ટ અંગે વાત કરવામાં આવી નથી.

# ‘વિશ્વંભરા’ ફિલ્મ માટે ભગવાન હનુમાનની વિશાળ પ્રતિમા તૈયાર કરાશે


## ચિરંજીવીએ આગળ લખ્યું કે ભગવાન હનુમાનની બુદ્ધિ, કાર્યક્ષમતા અને બહાદુરી દરેક માટે પ્રેરણાદાયક છે



મેગાસ્ટાર ચિરંજીવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉના ટ્વિટર) પર હનુમાન જયંતિની શુભેચ્છા પાઠવતા એક પોસ્ટ શેર કરી હતી. આ પોસ્ટમાં હનુમાનની વિશાળ પ્રતિમાની તસવીર છે. ફોટો શેર કરતી વખતે ચિરંજીવીએ તેલુગુમાં લખ્યું, ‘બધાને હનુમાન જયંતિની શુભેચ્છા.’ ચિરંજીવીએ આગળ લખ્યું કે ભગવાન હનુમાનની બુદ્ધિ, કાર્યક્ષમતા અને બહાદુરી દરેક માટે પ્રેરણાદાયક છે. ચિરંજીવીએ શેર કરેલી હનુમાનની મૂર્તિની તસવીરો સવારથી જ સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગી હતી. રિપોર્ટ્સ કહે છે કે આ ૫૪ ફૂટની પ્રતિમા ચિરંજીવીની આગામી ફિલ્મ ‘વિશ્વંભરા’ માટે ખાસ બનાવવામાં આવી છે. તેનો ઉપયોગ ફિલ્મની ખૂબ જ મહત્વપૂર્ણ એક્શન સિક્વન્સ શૂટ કરવા માટે કરવામાં આવશે. અહેવાલો સૂચવે છે કે ‘વિશ્વંભરા’ની ટીમે તાજેતરમાં જ એક સ્ટીમી એક્શન સિક્વન્સનું શૂટિંગ પૂર્ણ કર્યુ છે. આ એક્શન સીનનું શૂટિંગ ૨૬ દિવસમાં એક જ શેડ્યૂલમાં પૂર્ણ થયું હતું. આ એક્શન સીન્સ ફિલ્મના ઈન્ટરવલ બ્લોકમાં જોવા મળશે. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મના આ એક્શન સીન માટે **VFX** દ્વારા એક કાલ્પનિક દુનિયા બનાવવામાં આવી હતી અને તેને પૂર્ણ કરવા માટે આ ૫૪ ફૂટની હનુમાનની પ્રતિમા બનાવવામાં આવી છે. અહેવાલો સૂચવે છે કે ‘વિશ્વંભરા’ રૂપિયા ૨૦૦ કરોડના ભવ્ય બજેટ સાથે બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મકરસંક્રાંતિના અવસર પર રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં ચિરંજીવીની સાથે ત્રિશા, સુરભી અને ઈશા પણ જોવા મળશે.



# પાંચ વર્ષમાં અમિતાભ બચ્ચનની ૬ જેટલી ફિલ્મો ફ્લોપ



ફિલ્મ જગતમાં પાછલા પાંચ દાયકાથી એક્ટિવ રહેલા અમિતાભ બચ્ચને પોતાની કરિયરમાં સંખ્યાબંધ બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે. ઓડિયન્સના મનમાં મેગાસ્ટાર તરીકે બિગ બીની ઈમેજ અકબંધ રહી છે, પરંતુ તેનો લાભ ફિલ્મોને થયો નથી. પાછલા પાંચ વર્ષથી તેમની મોટાભાગની ફિલ્મો ફ્લોપ રહી છે. અમિતાભ બચ્ચનનો મહત્તવનો રોલ ધરાવતી આગામી ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’ છે. રૂ.૬૦૦ કરોડના બજેટમાં બની રહેલી આ ફિલ્મમાં બચ્ચન ઉપરાંત અન્ય ત્રણ સ્ટાર્સ પણ મહત્ત્વના રોલમાં છે. બિગ બજેટ અને મલ્ટિસ્ટાર ‘કલ્કિ ૨૮૯૮ એડી’નું ભવિષ્ય કેવું રહેશે તેના પર દરેકની નજર છે. અમિતાભ બચ્ચને વર્ષ



૧૯૬૯માં ‘સાત હિન્દુસ્તાની’થી બોલિવૂડમાં શરૂઆત કરી હતી. કરિયરમાં તેમણે ‘આખરી રાસ્તા’, ‘કુલી’, ‘સત્તે પે સત્તા’, ‘મર્દ’, ‘શહેનશાહ’ જેવી સંખ્યાબંધ હિટ ફિલ્મો આપી છે. બોલિવૂડના મહાનાયક તરીકે ઓળખાતા અમિતાભ બચ્ચન હવે ફિલ્મોમાં લીડ રોલથી દૂર રહે છે. દરેક ફિલ્મમાં તેમનું કેરેક્ટર મહત્ત્વનું હોય છે અને તેથી જ તેમની દરેક ફિલ્મ ચર્ચામાં રહે છે. અમિતાભ બચ્ચનની આગામી ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’ છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચને અશ્વત્થામાનો રોલ કર્યો છે. બચ્ચનના કેરેક્ટરની ઝલક આપતું ટીઝર તાજેતરમાં શેર થયું છે. નાગ અશ્વિનના ડાયરેક્શનમાં બની રહેલી ‘કલ્કિ ૨૮૯૮ એડી’ માટે રૂ.૬૦૦ કરોડનું બજેટ રખાયું હોવાનું કહેવાય છે. પ્રાચીન દંતકથા અને આધુનિક સાયન્સ-ફિક્શનને દર્શાવતી આ ફિલ્મમાં બિગ બીએ ગુરુ દ્રોણાચાર્યના દીકરા અશ્વત્થામાનો રોલ કર્યો છે.

દંતકથા મુજબ અશ્વત્થામાને ચિરંજીવી માનવામાં આવે છે. આ ફિલ્મમાં પ્રભાસ અને દીપિકા પાદુકોણના લીડ રોલ છે. સાઉથના સ્ટાર કમલ હાસનનો કેમિયો પણ રખાયો છે. આમ, બચ્ચનની સાથે અન્ય ત્રણ સ્ટાર્સના નસીબ પણ આ ફિલ્મ સાથે જોડાયેલા છે. પાછલા પાંચ વર્ષ દરમિયાન અમિતાભ બચ્ચનની સાત ફિલ્મો રિલીઝ થઈ છે. ૨૦૧૯માં સઈ રા નરસિમ્હા રેડ્ડી, ૨૦૨૧માં ચેહરે, ૨૦૨૨માં ઝુંડ, ૨૦૨૨માં રન વે, ૨૦૨૨માં ગુડ બાય, અને ૨૦૨૨માં ઉંચાઈ સહિત કુલ છ ફિલ્મો રિલીઝ થઈ હતી.

# ગુજરાતી ‘કસૂંબો’નું હિન્દી વર્ઝન તૈયાર, મે મહિનામાં રિલીઝ થશે

ગુજરાતી ઓડિયન્સ અને ક્રિટિક્સ દ્વારા ખૂબ વખણાયેલી ફિલ્મ ‘કસૂંબો’ની પાન ઈન્ડિયા રિલીઝ માટે આયોજન હાથ ધરાયું છે. ગુજરાતમાં હિટ સાબિત થયેલી આ ફિલ્મના હિન્દી વર્ઝનને ૩ મેના રોજ દેશભરના થીયેટરમાં રિલીઝ કરવામાં આવશે. વિજયગીરી બાવાએ પ્રોડ્યુસ કરેલી ‘કસૂંબો’માં પ્રેક્ષકોને ૧૩મી સદીના અંતની ઝલક આપવામાં આવી છે. ભારતમાં વિજય મેળવવાની લાલસાથી પ્રેરિત, ખિલજીના અત્યાચારોએ પ્રતિકાર અને બહાદુરીની વાર્તાને જન્મ આપ્યો હતો, જે ફિલ્મ સ્વરૂપે રજૂ થઈ છે. ‘કસૂંબો’ એ દાદુ બારોટ અને તેમના ૫૧ ગ્રામજનોના જૂથની પ્રેરણાદાયી સત્યકથા છે, જેઓ મંદિરોને બચાવવા અને સનાતન સંસ્કૃતિના ગૌરવને




જાળવવા માટે ખિલજી સૈન્યની નાપાક યોજનાઓ સામે હિંમતભેર ઉભા હતા. ડૉ. જયંતિલાલ ગડા (પેન સ્ટુડિયો) એ આ ઐતિહાસિક વાર્તાને વ્યાપક શ્રોતાઓ સુધી પહોંચાડવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યુ હતું કે, અમે ભારતભરના પ્રેક્ષકો સમક્ષ ‘કસૂંબો’ રજૂ કરવા માટે રોમાંચિત છીએ. આ ફિલ્મ માત્ર મનોરંજન નથી, તે આપણા પૂર્વજોની બહાદુરી અને બલિદાનને શ્રદ્ધાંજલિ છે, જેમની વાર્તાઓ આજે પણ આપણને પ્રેરણા આપે છે. દિગ્દર્શક વિજયગીરી બાવાના મતે, ‘કસૂંબો’ સાથે અમારો ઉદ્દેશ ગુજરાતના બહાદુર સનાતની યોદ્ધાઓના વારસાને સન્માનવાનો છે.

# આલિયા ભટ્ટે થેરાપીના ક્લાસ લીધા, માનસિક સ્વાસ્થ્ય વિશે વાત કરી

## તેના માતૃત્વ યાત્રા વિશે વાત કરી અને માનસિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખ્યું



**અભિનેત્રીએ કહ્યું- હું કામની સાથે રાહાને પણ મેનેજ કરું છું, તેણી મને વસ્તુઓમાંથી પસાર થવાની શક્તિ આપે છે**

આલિયાએ જણાવ્યું કે તે ઘણા વર્ષોથી દર અઠવાડિયે થેરાપી ક્લાસ લઈ રહી છે. જે બાદ તેણે પોતાનામાં ઘણા બદલાવ જોયા છે. તે એક સાથે વ્યવસાયિક અને માતૃત્વની ફરજોનું સંચાલન કેવી રીતે કરી શકે છે, તે બધું માનસિક સ્વાસ્થ્ય પર આધારિત છે. બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટે રણબીર કપૂર સાથે લગ્ન કર્યા હતા. બંને નવેમ્બર ૨૦૨૨માં માતા-પિતા બન્યા હતા. આ લવબર્ડ્સ હાલમાં તેમના પિતૃત્વ પ્રવાસનો આનંદ માણી રહ્યા છે. માતા બન્યા બાદ આલિયામાં ઘણા બદલાવ આવ્યા છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં આલિયાએ માતૃત્વની સફરથી લઈને માનસિક સ્વાસ્થ્યની કાળજી રાખવા સુધીની દરેક બાબતો વિશે ખુલીને વાત કરી હતી. વોગને આપેલા ઈન્ટરવ્યુમાં આલિયાએ જણાવ્યું કે તે ઘણા વર્ષોથી દર અઠવાડિયે થેરાપીના ક્લાસ લઈ રહી છે. જે બાદ તેણે પોતાનામાં ઘણા બદલાવ જોયા છે. તે એક સાથે વ્યવસાયિક અને માતૃત્વની ફરજોનું સંચાલન કેવી રીતે કરી શકે છે, તે બધું માનસિક સ્વાસ્થ્ય પર આધારિત છે. આલિયાએ કહ્યું- હું હંમેશા વિચારું છું કે લોકો શું વિચારતા હશે. શું તેઓ વિચારતા હશે કે હું બધું સારી રીતે મેનેજ કરી શકું છું? જો કે કોઈ તમારા વિશે વિચારતું નથી, તો પણ તમે અમુક સમયે તમારી ટીકા કરો છો. હું મારા માનસિક સ્વાસ્થ્ય પર કામ કરું છું. “દર અઠવાડિયે હું થેરાપી સેશનમાં જાઉં છું. જ્યાં હું મારા ડર વિશે વાત કરું છું. હું તેનો સામનો કરું છું. આ એવી વસ્તુ છે જે તમે ૧-૨-૫ અથવા ૧૦ દિવસમાં સમજી શકતા નથી. તે એક લાંબી પ્રક્રિયા છે અને તમે પ્રયાસ કરો છો. તમારી જાતને એક નવી વ્યક્તિ બનાવો.

# કેનેડાના સ્ટુડન્ટ વિઝા મંજૂર થવા લાગે ઘણો લાંબો સમય, વિલંબનું કારણ વિઝામાં ફેરફારો

। (એજન્સી) ટોરેન્ટો/નવીદિલ્હી, તા.૨૪ ।

કેનેડિયન પ્રાંત દ્વારા જાહેર કરાયેલ પ્રમાણિત પત્રો હવે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે વિઝા મેળવવા માટે ફરજિયાત છે. કોલેજ/યુનિવર્સિટી તરફથી દરખાસ્ત પત્રો પણ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. સલાહકારોએ એમ પણ કહ્યું કે આ ફેરફારો ૨૨ જાન્યુઆરીથી અમલમાં આવ્યા છે અને ઘણા પ્રાંતો/પ્રદેશોએ હજુ સુધી વેરિફિકેશન લેટર્સ જારી કર્યા નથી, જેના કારણે તેમના વિઝા હજુ સુધી મંજૂર થયા નથી. પંજાબમાં આ મુદ્દે કન્સલ્ટન્ટ ગુરપ્રીત સિંઘે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ટોકન ટ્યુશન ફી ચૂકવ્યા બાદ પહેલા કોલેજોમાંથી ઓફર લેટર મળે છે, પછી સ્વીકૃતિ પત્રો (LOA) મળે છે. કોલેજો પછી પ્રાંતના વિદ્યાર્થીઓ માટે ચકાસણી મેળવે છે. હાલમાં, મોન્ટ્રીયલમાં ચકાસણી ચાલી રહી છે એટલે કે ક્વિબેક અને અન્ય પ્રાંતોએ પણ આ નિયમનું પાલન કરવાનું શરૂ કર્યું છે. મોન્ટ્રીયલના વિદ્યાર્થીઓએ અગાઉ CAQ (ક્વિબેક સર્ટિફિકેટ ઑફ એક્સેપ્ટન્સ) મેળવવું જરૂરી હતું, અને હવે CAQ ને ચકાસણી પત્ર દ્વારા બદલવામાં આવી રહ્યું છે. આ પ્રક્રિયાને લઈને કેનેડિયન કોલેજોમાં મૂંઝવણ છે, જેના કારણે વેરિફિકેશન લેટર આપવામાં વિલંબ થઈ રહ્યો છે, અને તેથી વિદ્યાર્થીઓએ રાહ જોવી પડશે.

આ કિસ્સામાં, એક વિદ્યાર્થીએ માહિતી આપી છે કે તેણે મે પ્રવેશ માટે જાન્યુઆરીના બીજા સપ્તાહમાં વિદ્યાર્થી વિઝા માટે અરજી કરી હતી પરંતુ બ્રિટિશ કોલંબિયા દ્વારા વેરિફિકેશન લેટર જારી કરવામાં વિલંબને કારણે કેનેડા તરફથી કોઈ




જવાબ મળ્યો ન હતો. તે કહે છે કે તેની કોલેજ બ્રિટિશ કોલંબિયા પ્રાંતમાં છે. વિદ્યાર્થીઓ ઝડપથી વિઝાની મંજૂરી મેળવવા શું કરી શકે તેની વાત કરવામાં આવે તો- સલાહકારો સૂચવે છે કે જો વિદ્યાર્થીઓએ ચકાસણી પત્ર મેળવ્યો હોય અને હજુ પણ વિલંબનો સામનો કરવો પડી રહ્યો હોય, તો તેઓએ ખાતરી કરવી જોઈએ કે તેમનો પસંદ કરેલ કાર્યક્રમ "પ્રતિબંધિત અભ્યાસક્રમો"માતો નથી ને. આ એવા કાર્યક્રમો છે જે કોલેજો દ્વારા બંધ કરવામાં આવ્યા છે. જો અરજી પર કોઈ જવાબ ન મળે, તો વિદ્યાર્થીઓએ કેનેડિયન સરકારની વેબસાઈટ પર વેબ ફોર્મ સબમિટ કરવાનું વિચારવું જોઈએ. આ વિઝા પ્રક્રિયા વિશેની માહિતી મેળવવા અથવા CAIPS (કમ્પ્યુટર આસિસ્ટેડ ઈમિગ્રેશન પ્રોસેસિંગ સિસ્ટમ) માટે અરજી કરવા માટે કરવામાં આવે છે, જે ત્રણથી ચાર અઠવાડિયામાં વિઝા અરજીની માહિતી પ્રદાન કરે છે. વિદ્યાર્થી માટે અરજી પાછી ખેંચી લેવાનો અને ફરીથી નવી અરજી કરવાનો છેલ્લો ઉપાય છે.

# ઝાલોદ વણકતલાઈ હનુમાનજી મંદિરે મતદાન જાગૃતિ માટે સેલ્ફી પોઈન્ટ મુકવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

નગરમાં મતદાન ૧૦૦% થાય તે માટે ચૂંટણી કમિશનર દ્વારા મતદાન વધુમાં વધુ કરાવવા માટે નગરપાલિકાના સહયોગથી આજે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરે એક સેલફી પોઈન્ટ મૂકવામાં આવ્યો હતો. આજે હનુમાન જન્મોત્સવ હોવાથી આ મંદિરે અંદાજીત ૧૨૦૦૦ થી વધુ દર્શનાર્થીઓ મંદિરે દર્શન કરવા આવતા હોય છે તેથી મતદાતા પોતાના મતનો અચૂક ઉપયોગ કરે અને સાથે સાથે બીજાને પણ મતદાન કરવા જાગૃત કરે તે માટે નગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દર્શનાર્થીઓ માટે પણ આ નવો અનુભવ જોવા મળ્યો હતો તેમજ આવતા જતા દર્શનાર્થીઓ મતદાન અચૂક કરીશ તે માટે મુકેલ સેલ્ફી પોઈન્ટ સાથે ફોટોગ્રાફ પાડતા જોવા મળ્યા હતા.

# તાઇવાનમાં મજબૂત પગપેસારો અને વિશ્વભરમાં ઓળખ સાથે, PORClean હવે ભારતીય બજારમાં તેની ક્ષિતિજો વિસ્તરી રહી છે



। અમદાવાદ, તા.૨૪ ।

તાઈવાન વૈશ્વિક અર્થતંત્રમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે, જે માહિતી અને સંચાર ટેકનોલોજી ઉદ્યોગમાં તેના પરાક્રમ માટે અને વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં માલસામાનના મુખ્ય સપ્લાયર તરીકે પ્રખ્યાત છે. જો કે, તાઈવાન હવે નવા પ્રદેશોમાં, ખાસ કરીને વ્યક્તિગત આરોગ્ય ક્ષેત્રમાં સાહસ કરી રહ્યું છે.

PORClean, એક અગ્રણી તાઈવાની બ્રાન્ડ, તેની નવીનતા અને મૌખિક આરોગ્ય ઉત્પાદનોમાં શ્રેષ્ઠતા માટે જાણીતી છે. તાઈવાનમાં મજબૂત પગપેસારો અને વિશ્વભરમાં ઓળખ સાથે, PORClean હવે ભારતીય બજારમાં તેની ક્ષિતિજો વિસ્તરી રહી છે. કંપનીનું નવીનતમ સાહસ તેની રજૂઆત પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પોર્ટેબલ ડેન્ટલ વોટર ફ્લોસર બ્રાન્ડ, ભારતમાં ગ્રાહકોની મૌખિક આરોગ્ય જરૂરિયાતોને સંબોધવા માટે તેની કુશળતાનો લાભ લઈ રહી છે.

આ વિસ્તરણને સરળ બનાવવા અને ભારતીય બજારમાં સરળ પ્રવેશ સુનિશ્ચિત કરવાના હેતુથી વ્યૂહાત્મક પગલામાં, PORClean તાઈવાને બજાર વિશ્લેષણમાં તેની કુશળતા માટે ભારતની અગ્રણી કન્સલ્ટિંગ ફર્મ, Blueedge Consulting Pvt Ltd સાથે એક વિશિષ્ટ સમજૂતી કરાર (MOU) કર્યો છે. વ્યૂહાત્મક આયોજન, અને વ્યવસાય વિકાસ. મૂળ MOU નવેમ્બર ૨૦૨૨ માં તાઈવાનમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં TWTC કૌસિઆંગ વેપાર અને ઉદ્યોગ સ્તરે વ્યવસાયિક સહયોગની સુવિધા આપે છે.

PORClean Taiwan અને Blueedge Consulting Pvt Ltd વચ્ચેની ભાગીદારી મનની મીટિંગ, વૃદ્ધિ અને શ્રેષ્ઠતા માટે સહિયારી દ્રષ્ટિ દર્શાવે છે. બંને સંસ્થાઓ PORClean ની ડેન્ટલ વોટર ફ્લોસર બ્રાન્ડને ભારતીય ગ્રાહકો માટે રજૂ કરવા માટે અસરકારક વ્યૂહરચના વિકસાવવા અને અમલમાં મૂકવા માટે નજીકથી સહયોગ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ ભાગીદારી દ્વારા, PORClean ભારતમાં મજબૂત હાજરી સ્થાપિત કરવાનો અને નવીન મૌખિક આરોગ્ય વધતી જતી માંગને પૂરી કરવાનો હેતુ ધરાવે છે.

# લીઓ ઇંગ્લિશ સ્કૂલ અને અમદાવાદ ટ્રાફિક પોલીસ "જે" ડીવીઝન દ્વારા હેલ્મેટ અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો



। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના વટવા માં આવેલી લીઓ ઈંગ્લિશ સ્કૂલ દ્વારા ખુબજ સારું અને સરાહનીય પગલું ભરવામાં આવ્યું છે. આજની યુવા પેઢીમાં માર્ગ સુરક્ષાને પ્રોત્સાહિત કરવાના સક્રિય પ્રયાસરૂપે, લીઓ ઈંગ્લિશ સ્કૂલ, વટવા અને અમદાવાદ ટ્રાફિક પોલીસ ના "જે" ડીવીઝન દ્વારા હેલ્મેટ અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ટુ-વ્હીલર કે સાયકલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરવાના મહત્વ વિશે શિક્ષિત કરવાનો અને જવાબદાર માર્ગ વર્તનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે. માર્ગ અકસ્માતો એક પ્રચલિત ચિંતા છે, ખાસ કરીને ઉતાવળ મકે મોડું થયુ હોય ત્યારે જાનહાનિ અટકાવવા અને બધા માટે સુરક્ષિત રસ્તાઓ સુનિશ્ચિત કરવામાં શિક્ષણ અને જાગૃતિની મહત્વપૂર્ણ ભૂમિકાને ભજવવામાં આવી હતી. હેલ્મેટ અવેરનેસ પ્રોગ્રામમાં ગુજરાત ટ્રાફિક પોલીસના નિષ્ણાતો દ્વારા આયોજિત ઈન્ટરેક્ટિવ સત્રો, પ્રદર્શનો અને માહિતીપ્રદ વર્કશોપ દર્શાવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવાનું મહત્વ, તેને પહેરવાની યોગ્ય રીત અને રસ્તા પર ચાલતી વખતે સલામતીના પગલાની અવગણના ના સંભવિત પરિણામો વિશે જાણવામાં આવ્યું હતું.

"અમે માનીએ છીએ કે નાની ઉંમરે માર્ગ સલામતીની ટેવ પાડવી એ સર્વોપરી છે," લીઓ ઈંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલ અને સિનિયર ટીચરે જણાવ્યું હતું કે,"અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ વિભાગ સાથેના આ સહયોગ દ્વારા, અમારો ઉદ્દેશ્ય અમારા વિદ્યાર્થીઓને રોડ અકસ્માત થી જાગૃત અને એક જવાબદાર પસંદગીઓ કરવા અને સુરક્ષિત માર્ગ પર્યાવરણમાં યોગદાન આપવા માટે જરૂરી જ્ઞાન અને જાગૃતિ સાથે સશક્ત બનાવવાનો હતો." લીઓ ઈંગ્લિશ સ્કૂલ, વટવા આ કાર્યક્રમને શક્ય બનાવવા માટે અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસનો તેમના સમર્થન અને સહયોગ બદલ આભાર માન્યો હતો.

# ખેતી કાર્યો દરમિયાન રાજ્યના ખેડૂતોએ હીટવેવ (લૂ) સામે રક્ષણ મેળવવા આટલી સાવચેતી રાખવી

। અમદાવાદ, તા.૨૪ ।

ખેતી નિયામકની કચેરી-ગાંધીનગર દ્વારા હીટવેવ (લૂ) સામે સાવચેતી રાખવા માટે એડવાઈઝરી જાહેર કરી. મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને યોગ્ય કાળજી લેવા અનુરોધકરાયો.ઉનાળાનાબળબળતાતાપવચ્ચેખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવ (લૂ)થી બચી શકે તે માટે ખેતી નિયામકશ્રીની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે.

આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી. વધુમાં જણાવાયું છે કે, વાવણી કરેલ પાકોમાં આંતરખેડ તથા નિંદામણ કરવુ, આગામી દિવસોમાં દિવસના તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના હોઈ તથા જમીનના પ્રત ધ્યાનમાં લઈ જરૂરીયાત મુજબ પિયત આપવુ. રોગ કે જિવાતનો ઉપદ્રવ જણાય તો, ખુલ્લા હવામાન દરમ્યાન ભલામણ મુજબના પાક સંરક્ષણના પગલા લેવા. તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથિરીના નિયંત્રણ માટે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.

આ ઉપરાંત તાપમાનમાં વધારો થવાથી રીંગણમાં પાન કથિરીના નિયંત્રણ માટે પ્રોપાર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ઈટોક્ષા સોઝેલ ૧૦ એસ સી ૮ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ. સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો. કેળા, દાડમ, લીંબુ, આંબાના બગીચામા યોગ્ય ભેજ જાળવવા તથા તાપની અસર ના થાય તે માટે સાંજ અથવા સવારના સમયે ટૂંકા અંતરે હળવું પિયત આપવું તથા પાક અવશેષોનું આવરણ કરવુ, તેમ વધુમાં જણાવાયું છે.

### ઝાલોદ નગરના વિવિધ મંદિરોમા હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી

# મંદિરોમાં ભજન, સુંદરકાંડ, હવન-પુજા, મહાઆરતી તેમજ મહાપ્રસાદ જેવા પ્રોગ્રામોનુ આયોજન કરાયું

## નગરનું સૌથી પૌરાણિક મનવાંછિત મનોકામના પૂર્ણ કરનાર વણકતળાઈ હનુમાનજી મંદિરે ભાવિક ભક્તોનો ઘસારો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

આજે તારીખ ૨૩-૦૪-૨૦૨૩ ચૈત્ર સુદી પૂનમ મંગળવારના રોજ પૃથ્વી પરના અજર અમર અને સાક્ષાત દેવતા એવા હનુમાનજી ભગવાનનો જન્મોત્સવ વણકતલાઇ હનુમાનજી મંદિરે ધાર્મિક વાતાવરણ વચ્ચે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. હિન્દુ દેવતા તેમજ શ્રી રામ ભગવાનના પરમ ભક્ત એવા હનુમાનજી ભગવાનના દર્શન કરવા સવારથી જ વણકતલાઈ હનુમાનજી મંદિરે ભાવિક ભક્તોનુ ઘોડાપુર ઉમટી પડયું હતું. હનુમાન જન્મોત્સવ નિમિતે પોતાની શ્રદ્ધા અને આસ્થા પ્રમાણે વણકતલાઈ હનુમાનજી મંદિરે ભગવાનને ભોગ ધરાવવા ભક્તો ઉમટી પડ્યા હતા.

બળ, બુદ્ધિ, વિદ્યા અને ભક્તિના દેવતા એવા અંજની અને કેસરીના પુત્ર ભાગવાન હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે નગરના દરેક મંદિરોમા વિવિધ ધાર્મિક પ્રોગ્રામ રાખવામાં આવ્યા હતા આ દરેક પ્રોગ્રામને સનાતન હિન્દુ સમાજ ના દરેક લોકોએ ભેગા મળી સફળ બનાવ્યું હતું. હનુમાનજી ભગવાન પોતાની ભક્તિથી શ્રી રામને સમર્પિત થઈ ભક્તિના રંગે રંગાયેલ દેવતા છે એટલે ગ્રંથોમાં કહેવામાં આવેલ છે કે હનુમાનજીને જે ભક્ત સમર્પિત થઈ ભાવ ભક્તિ થી પૂજે છે તેની પૂજા પ્રભુ શ્રી રામ તુરંત સ્વીકાર કરે છે અને તેની દરેક મનોકામનાઓ પૂર્ણ કરે છે. હનુમાનજી ભાગવાન શંકર ભગવાનના અંશ તરીકે ઓળખાય છે તેમજ હનુમાનજી ભગવાનનો જન્મ ત્રેતાયુગમા ભાગવાન શ્રી રામની મદદ કરવા માટે થયેલ હતો. ભગવાન હનુમાનજી ભક્તિ કરવાથી તેઓ તુરંત પ્રભાવિત થાય છે અને તુરંત ભક્તોની મનોકામના પૂર્ણ કરનાર દેવતા છે.

નગરનું સૌથી પૌરાણિક એવું વણકતલાઈ હનુમાનજી મંદિર વર્ષો થી ભક્તોની આસ્થા અને ભક્તિ સાથે સંકળાયેલુ છે. વણકતલાઈ મંદિર પહેલા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ખૂબ નાનું હતું. જેમ જેમ ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થતી ગઈ તેમ તેમ ભક્તોનો વિશ્વાસ આ મંદિર પર વધુ મજબૂત બનતો ગયો. આજે નગરજનો અને ભાવિક ભક્તોના સહયોગથી વણકતલાઈ હનુમાનજી મંદિર વિશાળ અને ભવ્ય બની ગયેલ છે. વણકતલાઈ મંદિરે ભક્તોની મનોકામનાઓ પૂરી થતા પોતાની શ્રદ્ધા મુજબ ભક્તો સવામણી કરતા હોય છે. વણકતલાઈ મંદિર પર આસરે ૪૨ વર્ષ પૂર્વે થી હનુમાન જન્મોત્સવ ખૂબ ધામધૂમથી મનાવવામાં આવી રહેલ છે.

વણકતલાઈ હનુમાનજી મંદિરે સાંજે ચાર વાગ્યે નગરના સુંદરકાંડ મંડળ દ્વારા સંગીતમય ભજન સાથે સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યો હતો. સાંજે વણકતલાઈ હનુમાનજી મંદિર રોશનીથી ઝગમગી ઉઠયું હતું તેમજ મંદિર પર દર્શનાર્થીઓનો ઘસારો વધતા મેળા જેવો માહોલ સર્જાયો હતો. નગરના આરાધ્ય દેવ અને સૌની મનોકામના પૂર્ણ કરનાર દેવતાના દર્શન કરી સહુ પોતાને ભાગ્યશાળી માનતા હતા. સુંદરકાંડ પત્યા બાદ મહાઆરતી યોજાઈ હતી. આસરે ૧૨,૦૦૦ થી વધુ ભાવિક ભક્તોએ દર્શન કર્યા હતા. તેમજ ૭૦૦૦ થી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. વણકતલાઈ મંદિરના રૂટ પર સતત ટ્રાફિક વ્યવસ્થા તેમજ કોઈ પણ જાતના અણબનાવ ન બને તે હેતુથી ઝાલોદ પોલીસ દ્વારા સુંદર વ્યવસ્થા સાચવવામાં આવી હતી.

# લોકશાહીના પર્વમાં મતદાન કરી નૈતિક ફરજ બજાવીએ-ગાંધીનગર કલેક્ટર

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગાંધીનગર જિલ્લામાં 'લોકશાહીના શુભ અવસર પ્રસંગે અવશ્ય મતદાન કરીએ' નાપ્રણ સાથે મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો, સરગાસણ વિસ્તારની લેન્ડમાર્ક હારમની સોસાયટીના લોકોએ અવશ્ય મતદાન કરવાના શપથ લીધા. લોકસભા ચૂંટણીને હવે ગણતરીનાં જ દિવસો બાકી રહ્યાં છે. ત્યારે ગાંધીનગર જિલ્લા ચુંટણી અધિકારીશ્રી મેહુલ દવે નાં નેતૃત્વમાં સમગ્ર જિલ્લામાં વિવિધ જગ્યાએ મતદાર જાગૃતિલક્ષી કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે. જેમાં લોકો સ્વૈચ્છિક સહભાગી થઈને મતદાન થકી પોતાની નૈતિક ફરજ નિભાવે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. આ પ્રયત્નોના ફલ સ્વરૂપ જિલ્લાના મતદાતાઓ લોકસભા ચૂંટણીમાં અચુક મતદાન કરશે તેવી ખાતરી આપી રહ્યાં છે. જે અન્વયે ગાંધીનગરની સરગાસણ વિસ્તારમાં આવેલી લેન્ડમાર્ક હારમની સોસાયટી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મતદાન પ્રત્યે નાગરિકોને જાગૃત કરતાં ચૂંટણી અધિકારીશ્રી મેહુલ દવેએ જણાવ્યું હતું કે લકશાહીમાં આપણા આંગણે તા. ૭ મેના રોજ શુભ અવસર આવ્યો છે. જેમાં સર્વ મતદાતાઓએ મહેમાન બની અવશ્ય પધારવાનું છે, અને મતદાનની નૈતિક ફરજ પૂર્ણ કરવાની તંત્ર વતી મહત્તમ મતદાન માટે આગ્રહ ભરી અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંજય મોદીએ નાગરિકોને તેમના એક મતની કિંમત સમજાવતા જણાવ્યું હતું કે, ક્યારેય એવું ન માનવુ કે હું મારો મત નહીં આપું તો કંઈ ફેર પડશે નહીં.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો- પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારી જાતને લાડ લડાવવાનો દિવસ અને તમને જે સૌથી વધુ ગમે છે એ કાયર્ય કરવાનો દિવસ. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. ઘરને લગતી તમારી જવાબદારીઓ પૂરી કરવામાં બાળકો તમને મદદ કરશે. તેમની નવરાશના સમયમાં તેમને આવી પ્રવૃત્તિઓ કરવા માટે પ્રોત્સાહિત કરો. તમારી વાણી પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો કેમ કે તમારા કઠોર શબ્દો તમારા પ્રિયપાત્ર અને તમારા વચ્ચેની શાંતિ તથા સંબંધની સરળ ગતિને અસર કરી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા- કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. આજે ઘરે તમારાથી કોઈની પણ લાગણી ન દુભાય તેની કાળજી રાખજો અને તમારા પરિવારની જરૂરિયાતોને અનુકુળ થજો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. આજે કાર્યક્ષેત્ર માં અચાનક તમારા કામ ની ચકાસણી થયી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. નાના બાળકો તમને વ્યસ્ત રાખશે તથા આનંદ લાવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે.તમારે તમારી જાત પર કાબૂ રાખવાની તથા યાદ રાખવાની જરૂર છે કે આ બાબત તમારી વચ્ચે અંતરાયો જ ઊભા કરશે.

# ૫ વર્ષ બાદ ગુજરાતમાં એન્ટ્રી કરશે પ્રિયંકા ગાંધી

## ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલ ઉમેદવાર છે

। (એજન્સી) વલસાડ, તા.૨૪ ।

ગુજરાતમાં કોંગ્રેસ આ લોકસભાની ચૂંટણીમાં લડી લેવાના મૂડમાં છે. વિધાનસભા સમયે હાઈકમાન્ડમાંથી રાહુલ કે પ્રિયંકાએ ગુજરાત આવવાનું ટાળ્યું હતું પણ ૫ વર્ષ બાદ પ્રિયંકા વલસાડમાં આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી લાંબા સમય બાદ ગુજરાતમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. પાર્ટીએ અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ભાજપ ના ધવલ પટેલ સામે ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણી



માટે ગુજરાતમાં પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે ધરમપુરના દરબારગઢ ખાતે વલસાડથી પાર્ટીના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જાહેર સભાને સંબોધશે. વિધાનસભાની ચૂંટણીમાં અનંત પટેલની ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રચાર કરવા પહોંચ્યા હતા. હવે પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણીમાં તેમના માટે પ્રચાર કરશે. ભાજપે વલસાડ લોકસભા બેઠક પરથી ધવલ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વલસાડ ગુજરાતની તે બેઠકોમાંથી એક છે જેના પર કોંગ્રેસની પક્કડ સારી છે. પ્રિયંકા ગાંધી છેલ્લે માર્ચ ૨૦૧૯માં ગુજરાત પહોંચ્યા હતા. આ પછી તેઓ પ્રથમ CWC મીટિંગમાં હાજરી આપવા આવ્યા હતા.

દક્ષિણ ગુજરાતની આ આગામી લોકસભા બેઠક પરની રેલી દરમિયાન પ્રિયંકા ગાંધી સુરતમાં ભાજપની બિનહરીફ જીતનો મામલો ઉઠાવી શકે છે. અનંત પટેલ વલસાડ લોકસભા મતવિસ્તારમાં આવતી વાંસદા બેઠકના ધારાસભ્ય છે. પ્રિયંકા ગાંધી ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે આવ્યા ન હતા. તેઓ લાંબા સમય બાદ પ્રચાર માટે ગુજરાત પહોંચશે. કોંગ્રેસ પાર્ટીએ દરબારગઢ કમ્પાઉન્ડમાં પ્રિયંકા ગાંધીની રેલીનું આયોજન કર્યું છે. પ્રિયંકા ગાંધી રેલીમાં સવારે ૧૦ વાગે ગુજરાત પહોંચશે. વલસાડ લોકસભા બેઠક આદિવાસી પ્રભુત્વ ધરાવતી બેઠક છે. ૨૦૧૪ પહેલાં આ સીટ કોંગ્રેસ પાસે હતી. છેલ્લી બે ચૂંટણીથી ભાજપનો કબજો છે. અત્યાર સુધી અહીંથી ભાજપના નેતા કેસી પટેલ સાંસદ હતા. પાર્ટીએ આ વખતે યુવા નેતા ધવલ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ૨૦૧૯માં ભાજપે આ સીટ પર ૩.૫૩ લાખ વોટથી જીત મેળવી હતી. ગુજરાતમાં લોકસભાની ૨૬માંથી ૨૫ બેઠકો માટે ૭ મેના રોજ મતદાન થશે. કોંગ્રેસ પાર્ટી રાજ્યમાં ૨૩ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ આમ આદમી પાર્ટી માટે બે સીટો છોડી છે. સુરત લોકસભા બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. ગુજરાતમાં ૨૫ બેઠકો માટે ૨૬૬ ઉમેદવારો મેદાનમાં છે.

## ન્યૂઝ બ્રિફ

### ક્ષત્રિયોના વિરોધની ચીમકી વચ્ચે ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાયું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૪ ।

ગુજરાતમાં પરશોત્તમ રુપાલાનો વિરોધ દિવસે દિવસે વધુ વકરી રહ્યો છે. ત્યારે રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલાએ ઉમેદવારી નોંધાવાતા રાજ્યભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ નોંધાવામાં આવી રહ્યો છે. સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયોના વિરોધની ચીમકી વચ્ચે ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાયું છે. લોકસભા ચૂંટણી માટે બનાવામાં આવેલ કાર્યાલય ખાલી કરવામાં આવ્યુ છે.ક્ષત્રિય સમાજના યુવકોએ અલ્ટીમેટમ આપ્યું હતુ. ક્ષત્રિય સમાજની જગ્યામાં કાર્યાલય ખોલ્યું હતુ. વિરોધની વાત વચ્ચે કાર્યાલય અન્ય સ્થળે લઈ જવાયુ છે. બીજી તરફ સુરેન્દ્રનગરમાં ભાજપ વિરૂદ્ધ પ્રચાર કરવા ધામાથી ક્ષત્રિય અસ્મિતા ધર્મરથનો પ્રારંભ કરાયો. સતત ૩ દિવસ સુધી સુરેન્દ્રનગર જિલ્લાના ૩૦ થી વધુ ગામોમાં ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ ફરશે અને ભાજપના વિરોધમાં પ્રચાર કરશે તેવુ સમાજના આગેવાનોનું કહેવુ છે.

### પોલીસ કોન્સ્ટેબલે ૧૦માં માળેથી ઝંપલાવી કર્યો આપઘાત

। (એજન્સી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મવડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ૨૩ વર્ષીય ભાર્ગવ બોરીસાગર નામના કોન્સ્ટેબલે ૧૦મા માળેથી નીચે ઝંપલાવીને આપઘાત કરી લીધાનો બનાવ બુધવારના રોજ બન્યો હોવાનું સામે આવ્યો છે. સમગ્ર મામલાની જાણ થતા ભાર્ગવ બોરીસાગરનો જેતપુર રહેતો પરિવાર રાજકોટ ખાતે આવી પહોંચ્યો હતો. તેમજ બનાવવાની જાણ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ પોલીસ દ્વારા એફએસએલ અધિકારીઓની મદદ પણ લેવામાં આવી હતી. ભાર્ગવ બોરીસાગર દ્વારા આત્મહત્યા કરતા પૂર્વે કોઈ સ્યૂસાઈડ નોટ લખવામાં આવી છે કે કેમ તે બાબતે પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ભાર્ગવ બોરીસાગર રાજકોટ ગ્રામ્ય પોલીસમાં રીડર શાખામાં ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે. દોઢ મહિના પૂર્વે જ ભાર્ગવ બોરીસાગરની જેતપુરથી રાજકોટ ખાતે બદલી થઈ હતી. તેમજ વર્ષ ૨૦૧૭-૧૮માં લોકરક્ષક તરીકે ભરતી થયો હોવાનું સામે આવ્યું છે.

### LRD-PSI ભરતીને લઈ મુંઝવણો થશે દૂર

# અત્યાર સુધીમાં ૭.૮૧ લાખ ઉમેદવારોની અરજીઓ આવી છે

## LRD-PSIના ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે

## ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

પોલીસની નોકરીનું સપનું જોનારા યુવાઓ માટે હાલમાં LRD-PSI ભરતી ચાલી રહી છે. જેના માટે ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે. અત્યાર સુધીમાં ભરતી બોર્ડને કુલ ૭,૮૧,૦૦૦ અરજી મળી છે જેમાંથી ૬,૪૫,૦૦૦ અરજીઓ કન્ફર્મ પણ થઈ ગઈ છે.

ફોર્મ ભરવા માટે હવે ૭ જેટલા દિવસનો સમય બાકી રહ્યો છે. એવામાં ઘણા ઉમેદવારોને હજુ ફોર્મ ભરવાના બાકી છે અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપી છે કે, પોલીસ ભરતીમાં અરજી કરવા માટે હવે છેલ્લા સાત દિવસ બાકી છે.

છેલ્લા દિવસોમાં વધુ લોકો એક સાથે અરજી કરવાના કારણે અરજી તથા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી પડી શકે. જેથી જેને પણ અરજી કરવી હોય તે ઝડપથી કરી લે. ઉમેદવારોને અરજી કરવામાં મુશ્કેલી પડે તો આ અંગે વેબસાઈટ પર મુકેલ પ્રશ્નોત્તરી તથા youtube વિડીયો જોઈ લે જેથી કોઈપણ કારણસર તેમની અરજી રદ ન થાય. અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપ્યા છે. વેબસાઈટ પર લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને અનુભવાતા પ્રશ્નોના જવાબો મૂક્યા છે. જેમાં ફોર્મ ભરવાથી લઈને કયા કયા મહત્વપૂર્ણ દસ્તાવેજો તેમણે અરજી સાથે અપલોડ કરવાના રહેશે. તે તમામ પ્રકારની મુંઝવણો ને લઈ વિસ્તારથી માહિતી આપવામાં આવી છે.

### હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી

# રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ પવન ઉત્તર પશ્ચિમ દિશા તરફ ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ હીટવેવ, વરસાદ અને તાપમાન અંગેની આગાહી કરી છે તે આપણે જોઈએ. આ સાથે એ. કે દાસે એમ પણ જણાવ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં ૩૯.૬ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં ૩૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ગુજરાતના દરિયાકાંઠાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ છે કે, દરિયાકાંઠે પવનની દિશા ઉત્તર પશ્ચિમની રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, હાલ કોઈ ડિસકમ્ફર્ટની સ્થિતિ રહેશે નહીં. ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવથી બચી શકે તે માટે ખેતી નિયામકની કચેરી દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપ વું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી.



નારાયણપુરા લખુડી ચાર રસ્તા પાસે ટ્રાફિકના ચેકીંગ માટે કેમેરા લગાવવામાં આવશે.

### પાલનપુર ડીસા હાઇવે પર સર્જાઇ દુર્ઘટના

# પેપર મિલન કૂવામાં કામ કરતા ૫ શ્રમિકોને ગૂંગળામણથી અસર

। (એજન્સી) ડીસા, તા.૨૪ ।

બનાસકાંઠામાં પાલનપુર ડીસા હાઈવે પર મોટી દુર્ઘટના સર્જાઇ છે. જેમાં પેપર મિલના કૂવામાં ગૂંગળામણથી ૩ શ્રમિકોના મોત નિપજ્યાં છે જ્યારે અન્ય ૨ મજૂરોને પાલનપુર સિવિલમા સારવાર માટે ખસેડાયા છે. પેપર મિલન કૂવામાં કામ કરી રહેલા એક શ્રમિકને ગુંગળામણ થતા અન્ય ચાર શ્રમિકો તેને બચાવવા માટે કુવામાં ઉતાર્યા હતા. જેના કારણે તેમને પણ ગુંગળામણની અસર થઈ હતી. જેથી સ્થળ પરના લોકોએ ૫ શ્રમિકોને બહાર કાઢી તાત્કાલિક પાલન પુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. જો કે સારવાર દરમિયાન ત્રણ શ્રમિકોના મોત થયા છે. જ્યારે અન્ય બે શ્રમિકોની ગંભીર હાલતમાં સારવાર ચાલી રહી છે. ઘટનાને લઈને ગઢ પોલીસ સ્થળ ઉપર પહોંચીને સમગ્ર મામલે તપાસ હાથધરી છે. આ સમગ્ર ઘટનાં બાબતે પેપર મિલનાં ડિરેક્ટર જય પ્રકાશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, પેપર મિલમાં ગુંગળામણનાં કારણે મોત નિપજ્યાની જાણ થતા હું તાત્કાલીક મિલ ખાતે આવી પહોંચ્યો હતો. તેમજ અમારી પાસે ઓક્સિજન ટેક્ હતી. જે લઈને શ્રમિકો નીચે ઉતર્યા હતા. પરંતુ શ્રમિકોને તે ટેક્ ચાલુ કરતા ન આવડતા ઉપયોગ કરી શક્યા ન હતા.જેને કારણે આ દુર્ઘટના બની હતી. ત્યારે મળતી માહિતી મુજબ પેપરમીલમાં કેટલાય સમયથી શ્રમિકો કામ કરતા હતા અને આ ઘટના બની છે. જેમાં તેમનું મોત થયું છે. જ્યારે આ સમગ્ર ઘટનાને લઈ મૃતકોના સ્વજનો સરકાર પાસે પરિવારને સહાય મળે તે માટેની માંગ પણ કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ આ પેપર મિલમાં પેપર પલાળવા માટે મૂક્યા હતા. આ પેપર કુંડીઓમાં પલાળવા મૂક્યા હતા. પરંતુ આ વાતને એક અઠવાડિયા જેટલો સમય વિત્યો હોવાથી કુંડીમાં ગેસનું ભારણ વધી ગયુ. અને છેલ્લા એક સપ્તાહથી બંધ કુંડીઓમાં ગેસ બનીને એકઠો થયો હતો. પરિણામે જ્યારે મંગળવાર રાત્રે શ્રમિકો કુંડીમાં ઉતર્યા હતા. ત્યારે કુંડીમાં એકઠા થયેલા ગેસનાં કારણે શ્રમિકને ગુંગળામણ થવા લાગી હતી. ગુંગળામણને કારણે કેટલાક મજૂરો બેભાન થઈ ગયા. બેભાન થઈ ગયેલ મજૂરોને તાત્કાલીક ૧૦૮ બોલવીને સારવાર અર્થે ખસેડાવામાં આવ્યા હતા.

# અધિકારીઓ AC ઓફિસમાં બેસી, મગજ બંધ કરી સિંહોનાં મોતની તપાસ કરતા લાગે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અકસ્માતમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટે અધિકારીઓનો ઉધડો લીધો છે. કોર્ટે સ્પષ્ટ કરી દીધું છેકે, તે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલાં તપાસ રિપોર્ટથી અસંતુષ્ટ છે. અધિકારીઓની તપાસ માત્ર નામ પુરતી જ હોવાનું પણ કોર્ટે નોંધ્યું છે. ઉલ્લેખનીય છેકે, ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન જાન્યુઆરી મહિનામાં ત્રણ સિંહોનાં મોતને લઈ હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં વનવિભાગ અને રેલ્વે ઓથોરીટી દ્વારા ખુલાસા અને જવાબથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ભારે અસંતોષ વ્યકત કર્યો હતો.

રિપોર્ટ અંગે ચીફ જસ્ટિસની ખંડપીઠે ટકોર કરી હતી કે, એક જ મહિનામાં ત્રણ સિંહોના ટ્રેન અકસ્માતમાં મૃત્યુની ઘટના નોંધાવા છતાં તેની ગંભીરતા ધ્યાને લીધા વિના રેલવે ઓથોરિટી કે વનવિભાગે યોગ્ય તપાસ કરી નથી. અધિકારીઓએ જાતે કોઈ જ પગલાં લીધા નથી. ઉચ્ચ અધિકારીઓ એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસીને મગજનો ઉપયોગ કર્યા વિના કામ કરતાં હોય તેમ જણાય છે. હાઈકોર્ટે આ સમગ મામલે હવે રેલ્વે વિભાગ અને વન વિભાગના સેક્રેટરીના વડપણ હેઠળ ઉચ્ચ સ્તરીય સમિતિ નીમી તપાસ કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી. સિંહોનાં મોત મામલે હાઈકોર્ટે માંગેલા ઈક્વાયરી રિપોર્ટ અનુસંધાનમાં રેલ્વે અને વન વિભાગ દ્વારા રિપોર્ટ રજૂ કરાયો હતો.

જો કે, હાઈકોર્ટે આ તપાસ અહેવાલને અસ્પષ્ટ અને ઢાંકપિછોડાના પ્રયાસ સમાન ગણાવ્યો હતો. સત્તાવાળાઓ દ્વારા રિપોર્ટમાં જણાવાયું કે, સિંહોના મોત મામલે ત્રણ કર્મચારીઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા અને એક સિંહ ટ્રેકરને નોકરીમાંથી પાણીચું આપી દેવાયું છે. જેથી હાઈકોર્ટે માર્મિક ટકોર કરી હતી કે, નાના કર્મચારીને નોકરીમાંથી કાઢવાનો કોઈ અર્થ નથી. વાસ્તવમાં આ મામલામાં ઉચ્ચ અધિકારીઓની પણ એટલીજ જવાબદારી બને છે. શિસ્ત સંબંધી પગલાં નહી, સિંહોનાં મોત થયા તે પાછળ અકસ્માતના કયા કારણો છે અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટનાઓ ના બને તે માટેના પગલાંની વાત રજૂ કરવાની હોય. તમે રમત રમી રહ્યા હોય એવું જણાઈ રહ્યું છે કારણ કે, રિપોર્ટમાં સિંહોના મોત કેમ થયા અને કયા કારણ કે પરિબળ તેમાં જવાબદાર છે તે સ્પષ્ટ થતુ નથી.

હાઈકોર્ટે ડિવીઝનલ રેલ્વે મેનેજરને ગીર જંગલ વિસ્તારમાં ખાસ કરીને રેલવે ટ્રેક પરની વનસ્પતિઓ દૂર કરવા અને ફેન્સિંગ રિપેર કરવા હુકમ કર્યો હતો. દરમિયાન કોર્ટ સહાય હેમાંગ શાહે અદાલતનું ધ્યાન દોર્યુ હતું કે, સત્તાવાળાઓના જવાબમાં સિંહોના મોત મામલે કોઈ ચોક્કસ સ્પષ્ટતા કે જવાબ રજૂ થયો નથી.







### ડોમીનોઝ પિત્ઝા સેન્ટરમાં પિત્ઝા બોક્સની વચ્ચે ઈયળ જોવા મળી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ શહેરમાં ખાદ્યપદાર્થોમાં જીવાત નીકળવાનો સિલસિલો યથાવત છે. લો ગાર્ડન ખાતેના ડોમીનોઝ પિત્ઝા સેન્ટરમાં પિત્ઝા બોક્સની વચ્ચે ઈયળ જોવા મળી હતી. વધુ એક આઉટલેટમાં જીવાત મળી આવતાં ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. સ્વચ્છતાના ધારાધોરણનું પાલન ન થતું હોવાની ફરિયાદ ગ્રાહકે કરી. થોડા મહિના પહેલા પણ અમદવાદા શહેરની એક નામાંકિત હોટલની સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોબાળો મચાવ્યો હતો. રામદેવનગર પાસે આવેલી કોર્ટીયર્ડ મેરિયટ હોટલની સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોટલ મેનેજમેન્ટ સામે ફરિયાદ કરતા હોબાળો મચાવ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨